પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૦૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૦૪-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાનનો આસામ પ્રવાસ

## પહેલાં અહીં બોમ્બ-ગોળીઓનો અવાજ સંભળાતો હતો, આજે તાળીઓ સંભળાઈ રહી છે : મોદી



ડિબ્રુગઢ,

વિડાપ્રધાન નરેન્દ્ર મોદી શાંતિ, એકતા અને વિકાસ રેલીમાં ભાગ લેવા માટે આસામ પહોંચ્યા હતાં તેઓએ અહીં કાર્બી આંગલોંગ જિલ્લાના દીફુમાં અમૃત સરોવર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને અહીં ૭ નવી કેન્સર હોસ્પિટલનો શિલાન્યાસ પણ કર્યો હતો આ પ્રસંગે સ્ટેજ પર પહોંચતાં પહેલાં વડાપ્રધાને સુરક્ષા પ્રોટોકોલને તોડીની ત્યાં હાજર લોકો અને બાળકો સાથે હાથ પણ મિલાવ્યા હતા.સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આસામમાં સ્થાયી શાંતિ અને ઝડપી વિકાસ માટે કરાર થયો હતો. એને વાસ્તવિક રૂપ આપવાનું કામ થઈ રહ્યું છે. ભાજપની ડબલ એન્જિન સરકાર યુવાઓને નવી તક આપવા કટિબદ્ધ છે. આસામમાં ૨૬૦૦થી વધુ અમૃત સરોવર બનાવવાનું કામ ચાલી રહ્યું છે, તે લોકોની ભાગીદારીથી થઈ રહ્યું છે.

૨૦૧૪ પછી નોર્થ ઈસ્ટમાં મુશ્કેલ કામ થઈ રહ્યાં છે. લોકોનો વિકાસ થઈ રહ્યો છે. આજે કોઈ આસામના જનજાતીય ક્ષેત્રોમાં આવે છે, નોર્થ ઈસ્ટના બીજા રાજ્યોમાં જાય છે, તો સ્થિતિમાં આવેલા પરિવર્તનને જોઈને તેને પણ સારુ લાગે છે. તમે મને સમજ્યો અને દિલથી સમજ્યો. તમારા સપના પુરા કરવા માટે તમે પણ લાગ્યા છો અને અમે પણ લાગ્યા છીએ, સાથે મળીને પુરા કરીશું.

આસામમાં જેમ-જેમ શાંતિ પરત ફરી રહી છે, તેમ-તેમ નિયમોને પણ બદલવામાં આવી રહ્યાં છે. આ કારણે જ અમે આફસ્પા (આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ એક્ટ)માં ઘટાડો કર્યો છે. નોર્થ ઈસ્ટમાં હિંસાની ઘટનામાં ૭૫ ટકાનો ઘટાડો આવ્યો છે. લાંબા સમય સુધી આફસ્પા નોર્થ ઈસ્ટના અનેક રાજ્યોમાં રહ્યો છે.

જોકે છેલ્લા ૮ વર્ષ દરમિયાન સ્થાઈ શાંતિ અને સારી કાયદો વ્યવસ્થા લાગુ થવાના કારણે અમે આફસ્પાને નોર્થ ઈસ્ટના ઘણા ક્ષેત્રોમાંથી હટાવી દીધો છે. સબકા સાથ, સબકા વિકાસની ભાવનાની સાથે આજે સીમા સાથે જોડાયેલા મામલાનું સમાધાન શોધવામાં આવી રહ્યું છે. આસામ અને મેઘાલયની વચ્ચે થયેલી સહમતિ બીજા મામલાઓને પણ પ્રોત્સાહિત કરશે. તેનાથી સમગ્ર ક્ષેત્રમાં વિકાસની આકાંક્ષાઓને બળ મળશે.

મોદીએ કહ્યું કે જ્યારે હથિયાર નાંખીને જંગમાંથી પરત ફરતા જવાનોને પોતાના પરિવારની સાથે પરત ફરતા જોવું અને જ્યારે તે માતાઓની ખુશીઓનું અનુભવ કરુ છું તો મને આર્શીવાદની અનુભુતિ થાય છે. બોડો અર્કોડ હોય કે પછી કાર્બી આંગલોગનો કરાર, લોકલ સેલ્ફ ગવર્નન્સ પર અમે ખૂબ જ ભાર આપ્યો છે. કેન્દ્ર સરકારનો છેલ્લા ૭-૮ વર્ષથી સતત એ જ પ્રયત્ન રહ્યો છે કે સ્થાનિક શાસનની સંસ્થાઓને સશક્ત કરવામાં આવે, વધુ પારદર્શકતા રાખવામાં આવે.

તેમણે કહ્યું કે જ્યારે પણ અહીં આવવાની તક મળી તમારા લોકોનો અપાર સ્નેહ અને પ્રેમ મળ્યો. આ સાથે જ રાજ્ય સરકારે પીએમ મોદીના પ્રવાસ માટે સુરક્ષાની વ્યાપક વ્યવસ્થા કરી છે. તેમણે કહ્યું કે આ સુખદ સંયોગ છે કે આજે જ્યારે દેશ આઝાદીના અમૃત મહોત્સવનો ઉજવી રહ્યો છે, ત્યારે આપણે આ ધરતીના મહાન સપૂત લચિત બોરફૂકાનની ૪૦૦મી જન્મજયંતિ પણ ઉજવી રહ્યા છીએ. તેમનું જીવન રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રશક્તિની પ્રેરણા છે. તેમણે કહ્યું કે કાર્બી આંગલોંગથી દેશના આ મહાન નાયકને હું નમન કરું છું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્બી આંગલોંગમાં માંજા પશુ ચિકિત્સા મહાવિદ્યાલય, વેસ્ટ કાર્બી આંગલોંગ કૃષિ મહાવિદ્યાલય, અમ્પાની વેસ્ટ કાર્બી આંગલોંગ ગર્વમેંટ કોલેજ સહિત ઘણી યોજનાઓની આધારશિલા રાખી.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભાજપની ડબલ એન્જીનની સરકાર જ્યાં પણ હોય, ત્યાં સબકા સાથ-સબકા વિકાસ- સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસની ભાવનાથી કામ કરે છે. આજે આ સંકલ્પ કાર્બી આંગલોંગની ધરતી પર ફરીથી સશકત થયું છે. આજે જે શિલાન્યાસના કાર્યક્રમ થયા છે, આ ફક્ત કોઈ બિલ્ડીંગનો શિલાન્યાસ નથી, આ અહીં નવયુવાનોના ઉજ્જવળ ભવિષ્યનો શિલાન્યાસ છે. ઉચ્ચ શિક્ષણ માટે અહીં યોગ્ય વ્યવસ્થા થતાં હવે ગરીબથી ગરીબ વ્યક્તિ પણ પોતાના બાળકોને સારું શિક્ષણ આપી શકશે.

પીએમ મોદીએ કહ્યું ’અસમની સ્થાયી શાંતિ અને ઝડપી વિકાસ માટે જે કરાર થયા છે. તેને જમીન પર ઉતારવાનું કામ આજે તેજ ગતિએ ચાલી રહ્યું છે. હથિયાર મુકીને જે સાથી રાષ્ટ્ર નિર્માણના પરત ફર્યા છે, તેના પુનર્વાસ માટે પણ સારું કામ કરવામાં આવી રહ્યું છે. તમે બધા ગત દાયકામાં એક લાંબા સમયથી ઘણી મુશ્કેલીઓમાંથી પસાર કર્યો છે. પરંતુ ૨૦૧૪ બાદ નોર્થ ઈસ્ટમાં મુશ્કેલીઓ સતત ઓછી થવા લાગી છે, લોકોનો વિકાસ થઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આજે આખો દેશ જોઈ રહ્યો છે કે ગત વર્ષોમાં હિંસા, અરાજકતા અને અવિશ્વાસની દાયકાઓની જૂની સમસ્યાઓનું કેવી રીતે સમાધાન કરવામાં આવી રહ્યું છે. પહેલાં જ્યારે આ ક્ષેત્રની ચર્ચા થાય છે, તો ક્યારે બોમ્બ અને ક્યારે ગોળીઓનો અવાજ સંભળાતો હતો. પરંતુ આજે તાળીઓ ગૂંજી રહી છે. તેમણે કહ્યું કે ’નોર્થ ઈસ્ટમાં સરકાર અને સમાજના સામુહિક પ્રયાસો જેમ જેમ શાંતિ પરત ફરી રહી છે.

તેમણે કહ્યું કે સબકા સાથ, સબકા વિકાસની ભાવના સાથે આજે સીમા સાથે જોડાયેલા મુદ્દાઓનું સમાધાન શોધવામાં આવી રહ્યું છે. અસમ અને મેઘાલયની વચ્ચે બનેલી સહમતિ બીજા મામલાઓને પણ પ્રોત્સાહિત કરશે. તેનાથી આ સમગ્ર ક્ષેત્રના વિકાસની આકાંક્ષાઓને બળ મળશે. બોડો એકોર્ડ અથવા પછી કાર્બી આંગલોંગનો કરાર, લોકલ સેલ્ફ ગવર્નેંસ પર અમે ખૂબ ભાર મુક્યો છે. કેન્દ્ર સરકાર ગત ૭-૮ વર્ષથી સતત પ્રયાસ કરી રહી છે કે સ્થાનિક વહિવટીતંત્રની સંસ્થાઓને સશક્ત કરવામાં આવે, વધુ પારદર્શી બનાવવામાં આવે.

## પેટ્રોલ ડીઝલના ભાવના કારણે અમદાવાદીઓ જાહેર પરિવહન તરફ વળતા જોવા મળી રહ્યા છે



અમદાવાદ,

રાજ્યમાં સતત વધી રહેલા પેટ્રોલ ડીઝલના ભાવના કારણે અમદાવાદીઓ જાહેર પરિવહન તરફ વળતા જોવા મળી રહ્યા છે. છેલ્લા એક મહિનામાં અમદાવાદમાં એએમટીએસ અને બીઆરટીએસમાં મુસાફરોની સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં ઓછી બસ હોવાના કારણે મુસાફરોને હાલાકી ભોગવવી પડી રહી છે. નીતિ આયોગ મુજબ એક હજાર વ્યક્તિઓ વચ્ચે એક બસ હોવી જરૂરી છે. જે મુજબ અમદાવાદમા ૬ હજાર બસ હોવી જરૂરી છે, જોકે અમદાવાદમાં માત્ર ૧૧૦૦ બસ જ ઉપલબ્ધ છે.

અમદાવાદમાં દરરોજ બીઆરટીએસમાં ૧ લાખ ૭૫ હજાર લોકો મુસાફરી કરે છે, જયારે એએમટીએસમાં દૈનિક ૪ લાખ જેટલા હાલમાં મુસાફરી કરી રહ્યા છે. જે મુજબ અમદાવાદમા ૬ હજાર બસો હોવી જોઈએ. જોકે અમદાવાદમાં એએમટીએસની ૭૫૦ અને બીઆરટીએસની ૩૫૦ બસો જ રસ્તા પર દોડી રહી છે. એએમટીએસની બસમાં ભાડુ ચૂકવ્યા બાદ પણ લોકોને મુસાફરી હાલાકી થઈ રહી છે. બસમાં ભીડની વચ્ચે મુસાફરી કરવા માટે લોકો મજબૂર બન્યા છે.

આ વિશે જાણવા મળતી માહિતી પ્રમાણે, પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારો થતા લોકો જાહેર પરિવહન તરફ વળ્યાં છે. છેલ્લા એક મહિનામાં જ એએમટીએસ અને બીઆરટીએસની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે પણ શું તેની સામે લોકોને સુવિધા સારી મળી રહી છે તે હાલ સૌથી મોટો પ્રશ્ન છે. શહેરમાં ૪૨ ડિગ્રીના તાપમાન વચ્ચે લોકો જાહેર પરિવહનની સુવિધાથી કેટલા ખુશ તે વિષયના રિયાલિટી ચેક કરવામાં આવ્યો હતો.

નીતિ આયોગના એક રિપોર્ટ મુજબ જાહેર પરિવહન માટે શહેરની દર ૧૦૦૦ વ્યક્તિઓ વચ્ચે ૧ બસ હોવી જોઈએ. આ રિપોર્ટ મુજબ અમદાવાદમાં ૬ હજાર બસ હોવી જોઈએ. પણ હાલ એએમટીએસની ૭૫૦ અને બીઆરટીએસની ૩૫૦ એમ કુલ ૧૧૦૦ જ બસ છે સ્થિતિ એ છે કે પીક અવર્સમાં ભારે ભીડ વચ્ચે લોકોએ પરિવહન કરવું પડી રહ્યું છે. મુસાફરોએ પણ ડી ૨૪ કલાકને જણાવ્યું કે, તેમને ઓછી બસમાં મુસાફરી કરવામાં કેવી તકલીફ પડે છે. શહેરમાં છસ્જી બસની સંખ્યામાં વધારો કરવો જોઈએ.અગાઉ બીઆરટીએસ ૧ લાખ ૪૫ હજાર દૈનિક મુસાફરો મુસાફરી કરતા હતા, જે આંકડો પેટ્રોલ ડીઝલના કારણે વધતા હવે દૈનિક ૧ લાખ ૬૭ હજાર મુસાફરો મુસાફરી કરી રહ્યા છે. આ જ સ્થિતિ એએમટીએસબસમાં જે જ્યાં અગાઉ દૈનિક બસમાં સવા ૩ લાખ લોકો દૈનિક મુસાફરી કરતા હતા આજે આ આંકડો વધીને ૪ લાખથી પણ વધુ છે.

## જમ્મુને હચમચાવી નાખવાનું આતંકી ષડયંત્ર નિષ્ફળ, બત્રા નજીક હાઈવે પરથી ID મળી આવ્યો



જમ્મુ,

જમ્મૂ-કાશ્મીરમાં એકવાર ફરી અશાંતિ ફેલાવવાના આતંકીઓના ઈરાદા પર પાણી ફરી વળ્યું છે. પોલીસ અને સેનાએ મળીને આતંકીઓના ષડયંત્રને નિષ્ફળ બનાવી દીધુ છે. પોલીસને બત્રા હોસ્પિટલની નજીક જમ્મુ-કાશ્મીર હાઈવે પર આઈઈડી જપ્ત કરી મોટી દુર્ઘટના ટાળી દીધી છે. હાઈવે પર આતંકીઓએ કાળા કલરના એક ડબ્બામાં ટાઈમર લાગેલી આઈડીને પ્લાન્ટ કરી હતી. તેની માહિતી સમય રહેતા પોલીસને મળી હતી. પોલીસની બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ સમય પર ઘટના સ્થળે પહોંચી અને આઈઈડીને સુરક્ષિત સ્થળે લઈ નિષ્ક્રિય બનાવી દીધી. પોલીસ અને સેના દ્વારા આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

પોલીસ પાસેથી મળેલી જાણકારી અનુસાર સિદ્ધડામાં બત્રા હોસ્પિટલની નજીક હાઈવે પર એક કચરામાં કાળા કલરનો ડબ્બો જોઈને લોકોને શંકા ગઈ અને પોલીસને જાણ કરી. માહિતી મળતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. આ વચ્ચે એસએસપી જમ્મુ ચંદન કોહલી પણ ત્યાં પહોંચી ગયા હતા. ડબ્બાને જોતા શંકા ઉભી થઈ અને સુરક્ષાદળોએ તત્કાલ જમ્મુ-શ્રીનગર હાઈવે પર વાહનોની અવરજવર બંધ કરવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈવેની બંને તરફ વાહનોની અવરજવર બંધ કરવામાં આવી અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને જાણ કરવામાં આવી હતી.

બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે ડબ્બાને કચરાપેટીમાંથી બહાર કાઢ્યો અને એક સુરક્ષિત જગ્યાએ લઈને તેને ખોલ્યો હતો. ડબ્બામાં આતંકીઓએ ટાઈમરની સાથે આઈઈડી લગાવી હતી. દળમાં સામેલ જવાનોએ સુરક્ષિત રીતે વિસ્ફોટને નિષ્ક્રિય બનાવી દીધો હતો. ત્યારબાદ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. પોલીસને આશંકા છે કે આઈઈડી પ્લાન્ટ કરનાર આતંકીઓ આસપાસમાં છુપાયા છે. લોકોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. બત્રા હોસ્પિટલ તથા હાઈવે પર તે વાતની તપાસ કરવામાં આવી રહી છે કે આતંકીઓએ કોઈ અન્ય સ્થળે વિસ્ફોટક લગાવ્યા નથીને.

## કેન્દ્ર ૬૮% ઈંધણ ટેક્સ લે છે, તેમ છતાં રાજ્યો જવાબદાર કેવી રીતે : રાહુલ ગાંધી



નવીદિલ્હી,

તાજેતરના દિવસોમાં પેટ્રોલ, ડીઝલ અને સીએનજીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આ અંગે વિપક્ષી દળો સતત કેન્દ્ર સરકારને ઘેરી રહ્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર આ મુદ્દે કેન્દ્ર પર નિશાન સાધ્યું છે. તેમણે ટોણો માર્યો છે કે, ઈંધણના વધતા ભાવો માટે રાજ્યને દોષી ઠેરવવામાં આવે છે, જ્યારે તમામ ઈંધણ કરમાંથી ૬૮% કેન્દ્ર દ્વારા લેવામાં આવે છે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું કે ઈંધણના ઊંચા ભાવ - રાજ્યની ભૂલ, કોલસાની અછત - રાજ્યની ભૂલ, ઓક્સિજનની અછત - રાજ્યની ભૂલ. તમામ ઈંધણ કરમાંથી ૬૮% કેન્દ્ર દ્વારા એકત્રિત કરવામાં આવે છે. તેમ છતાં પીએમ જવાબદારીથી દૂર રહે છે. મોદીનો સંઘવાદ સાથીદાર નથી.

જણાવી દઈએ કે, તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીઓની બેઠકમાં વિપક્ષ શાસિત રાજ્યોને પેટ્રોલ અને ડીઝલ પર વેટ ઘટાડવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારે ગયા વર્ષે એક્સાઈઝમાં ઘટાડો કર્યો હતો. આ પછી ભાજપ શાસિત રાજ્યોએ વેટમાં ઘટાડો કરીને જનતાને રાહત આપી છે. પરંતુ વિપક્ષ શાસિત રાજ્યોમાં આવું થયું નથી. આજે તેમના સંબોધનમાં પીએમ મોદીએ વિપક્ષ શાસિત રાજ્યોમાં પેટ્રોલના વધેલા ભાવની તુલના ભાજપ અને એનડીએ દ્વારા શાસિત પડોશી રાજ્યો સાથે કરી હતી અને સમજાવ્યું હતું કે કેવી રીતે આ રાજ્યોએ પડોશીમાં પેટ્રોલના ભાવમાં વધારાને કારણે વેટમાં ઘટાડો કર્યો નથી. ડીઝલ મોંઘુ છે.

## સુપ્રીમ કોર્ટ દેશદ્રોહના કાયદા પર પાંચ મેએ સુનાવણી કરશે



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ આઈપીસીની કલમ ૧૨૪ છ હેઠળ દેશદ્રોહના ગુનાની બંધારણીય કાયદેસરતાને પડકારતી અરજીઓ પર પાંચ અને છઠ્ઠી મેએ અંતિમ સુનાવણી હાથ ધરશે. સીજેઆઈ એન. વી. રમણાની અધ્યક્ષતામાં બનેલી ત્રણ સભ્યોની બેન્ચે આ મામલાથી જોડાયેલી બધી અરજીઓની એકસાથે સુનાવણી માટે પાંચ મેની તારીખ નક્કી કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે દેશદ્રોહ કાયદા મામલે જવાબ તૈયાર છે, પણ એમાં કેટલાક સુધારાવધારા કરવાના હોવાથી તેમણે કોર્ટ પાસે બે દિવસનો સમય માગ્યો હતો.

એપેક્સ કોર્ટે આદેશમાં કહ્યું હતું કે સોલિસિટર જનરલે જવાબ આપવા બે દિવસનો સમય માગ્યો છે, પણ અમે કેન્દ્રને આ સપ્તાહના અંત સુધીમાં જવાબ આપવા નિર્દેશ આપીએ છીએ. વળી, સીજેઆઈએ આ મામલે સુનાવણીમાં કોઈ પમ એડજર્નમેન્ટ આપવાથી ઈનકાર કરતાં કહ્યું હતું કે કોર્ટ આ મામલે આખા દિવસ દરમ્યાન સુનાવણી હાથ ધરશે.

જોકે સીજેઆઈ રમન્નાએ સવાલ કર્યો હતો કે શું આ કાયદો સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ પછી પણ અસ્તિત્વમાં છે. તેમણે છબ્બે પ્રશ્ન પૂછ્યો હતો કે અમને ચિંતા આ કાયદાના દુરુપયોગની છે અને એકાઉન્ટિબિલિટીમાં થયેલા ઘટાડાની છે. આપણે સ્વતંત્રતા થયા એના ૭૫ વર્ષ પછી પણ આ કાયદો પુસ્તકમાં છે?

તેમણે કહ્યું હતું કે લોકો તેમના મનની વાત કહેવા અથવા અધિકારીઓનાં કામકાજની સામે દેશદ્રોહ કાયદો લાગુ થવાનો ડર અનુભવી રહ્યા છે. આ કાયદાના વ્યાપક દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે વાસ્તવિક સ્થિતિ ગંભીર છે.

## ૪ મે પછી ગરમીમાં ફેરફાર થશે : હવામાન વિભાગ

નવીદિલ્હી,

ઉત્તરથી દક્ષિણ તરફ ગરમીનું મોજું ચાલુ રહેતા લોકો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. સવારના દસ વાગ્યાથી સૂર્યના કિરણોએ લોકોને અકળાવવાનું શરૂ કરી દીધું છે, ત્યારે ગરમીના પ્રકોપથી પણ લોકો પરેશાન થઈ ગયા છે. સ્કાયમેટ વેધરના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પલાવતે કહ્યું છે કે આગામી ત્રણ દિવસ ખૂબ જ ગરમ રહેવાના છે, દેશના ઘણા રાજ્યોમાં ગરમી સહન કરવી પડશે પરંતુ ૪ મે પછી ગરમીમાં ફેરફાર થશે. હવામાનની પેટર્ન અને પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના પશ્ચિમ ભાગોમાં ચોમાસા પૂર્વેની ગતિવિધિઓ જોવા મળશે, જે દરમિયાન વાવાઝોડુંની શક્યતા છે.

તેમણે સ્પષ્ટ કહ્યું છે કે આ સમયે દિલ્હી, પંજાબ, હરિયાણા, દિલ્હી, એમપી, રાજસ્થાન, હરિયાણા, બંગાળ અને ઓડિશામાં આગ વરસી રહી છે અને આવનારા દિવસોમાં પણ સ્થિતિ એવી જ રહેવાની છે. એટલા માટે દરેક વ્યક્તિએ ખૂબ જ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવાની જરૂર છે. તમને જણાવી દઈએ કે મેદાની વિસ્તારો માટે હીટ વેવની સ્થિતિ જાહેર કરવામાં આવે છે જ્યારે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ હોય અને હાલમાં દેશના ઘણા રાજ્યોમાં પારો ચાલીસથી વધુ છે.

જો કે હવામાન વિભાગનું અનુમાન છે કે આ સમયે અન્ય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે, તેથી હવામાન વિભાગે ૩૦ એપ્રિલે કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને આંધ્રમાં હળવા વરસાદની ચેતવણી પણ જારી કરી છે, વિભાગનું કહેવું છે કે વરસાદને કારણે વાવાઝોડું, વરસાદ ભારે પવન સાથે વીજળીની પણ અપેક્ષા છે, જ્યારે પૂર્વીય રાજ્યોમાં ઝરમર વરસાદ ચાલુ રહેશે.

ઉત્તરથી લઈને દક્ષિણ સુધી ગરમીનુ રૌદ્ર રુપ યથાવત, ઘણા રાજ્યોમાં હીટવેવનુ એલર્ટ હિટ વેવ દરમિયાન ઘરની બહાર નીકળવાનું ટાળો. જો તમારે બહાર જવું હોય તો હંમેશા તમારા માથાને ઢાંકીને રાખો. અચાનક ઠંડી જગ્યાએથી ખૂબ ગરમ જગ્યાએ ન જશો. ... વધુ ને વધુ પાણી પીઓ. બહારનો ખોરાક ખાવાનું ટાળો. જો તમે બીમાર અનુભવો છો, તો વિલંબ કર્યા વિના ડૉક્ટરની સલાહ લો.

## રિઝર્વ બેંક ટૂંક સમયમાં ડિઝિટલ કરન્સી લોન્ચ કરશે, તબક્કાવાર બધાને લાભ મળશે

મુંબઈ,

કેન્દ્રીય બજેટ ૨૦૨૨-૨૩ દરમિયાન જેની જાહેરાત કરવામાં આવી હતી તે ડિઝિટલ કરન્સીને લોન્ચ કરવા માટે રિઝર્વ બેંકે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે અને હવે કેન્દ્ર સરકાર તરફથી પરવાનગી મળે તેની રાહ જોવાઈ રહી છે. સંભવતઃ ચાલું નાણાકીય વર્ષના અંતિમ ત્રિ-માસિક ગાળામાં તેને તબક્કાવાર લાગુ કરવામાં આવશે. રિઝર્વ બેંકની યોજના પહેલાં પ્રાયોગિક સ્તરે જથ્થાબંધ ગ્રાહકો માટે ડિઝિટલ કરન્સી લોન્ચ કરવાની છે. આ પછી પ્રાયોગિક સ્તરે અન્ય ગ્રાહકો માટે તેને લોન્ચ કરવામાં આવશે. બે તબક્કા બાદ અંતિમ રીતે સામાન્ય લોકોને રિઝર્વ બેંક તરફથી નિયમિત ડિઝિટલ કરન્સીમાં લેવડ-દેવડ કરવા અથવા તેમાં રોકાણ કરવા સહિતની છૂટ મળી જશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે અમેરિકામાં એક કાર્યક્રમ દરમિયાન ભારતમાં કેન્દ્રીય બેંકની ડિઝિટલ કરન્સી (સીબીડીસી) અંગે જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકારની ઈચ્છા સીબીડીસી દ્વારા સંપૂર્ણ વસતીને નાણાકીય ક્ષેત્ર સાથે જોડવાની નથી પરંતુ મુખ્ય રીતે વ્યવસાયિક ઉદ્દેશ્ય માટે છે. આરબીઆઈ આ તથ્યને જોઈ રહ્યું છે કે ડિઝિટલ કરન્સીના શું શું ઉપયોગ થઈ શકે છે. આ અંગે આરબીઆઈના અધિકારીઓનું કહેવું છે કે, સીબીડીસીની દેશમાં ડિઝિટલ ચૂકવણાની હાલની વ્યવસ્થા યુપીઆઈથી ઘણી જ અલગ હશે. અલગ હોવાનું સૌથી મોટું કારણ તો એ હશે કે સીબીડીસીને આરબીઆઈની ગેરંટી મળશે. જ્યારે યુપીઆઈ એક અન્ય એજન્સી એનપીસીઆઈ તરફથી વિકસિત કરવામાં આવી છે. સાથે જ યુપીઆઈને આંતરરાષ્ટ્રીય સ્તરે સર્વમાન્યતા નથી. બીજી બાજુ ડિઝિટલ કરન્સીની વ્યવસ્થા રાખનારા દેશો વચ્ચે એકબીજાની કરન્સીને માન્યતા આપવામાં ઘણી સરળતા રહેશે.

આરબીઆઈની જેમ જ અનેક બીજા દેશોની કેન્દ્રીય બેંકો તરફથી પણ ડિઝિટલ કરન્સી લોન્ચ કરવાની તૈયારી છે. એવું મનાય રહ્યું છે કે જે દેશો પાસે ડિઝિટલ કરન્સી હશે તેમના વચ્ચે નાણાકીય લેવડ-દેવડની વ્યવસ્થા વધુ સરળ રહેશે. વૈશ્વિક સ્તરે ચૂકવણાની રાહમાં આવી રહેલી અનેક અડચણો ખતમ થઈ જશે. એક્સચેન્જ રેટમાં થનારા ઉતાર-ચડાવથી પણ એક હદે બચાવ થઈ શકશે. નાણામંત્રી દ્વારા સામાન્ય બજેટમાં આ અંગેની જાહેરાત કરવા પાછળ એક મોટું કારણ એ પણ હતું કે ભારત ડિઝિટલ કરન્સીમાં પાછળ છૂટી જવાનું જોખમ ઉઠાવવા માંગતું નથી.

**ઓન લાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા-૦૪ સને : ૨૦૨૨-૨૩**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા–૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા ખાસ કક્ષા III (રસ્તા) તથા તેની ઉપરની યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ગોધરા અને હાલોલ પેટા વિભાગના રસ્તાઓની આસ્ફાલ્ટ પેચ વર્કની કામગીરી માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૧૭.૦૫.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૧૭.૦૫.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

જ્યારે કામોના ઓનલાઈન ટેન્ડર ઉપર જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૧૪.૦૫.૨૦૨૨ થી તા.૨૪.૦૫.૨૦૨૨ નાં રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન ટેન્ડર શાખાનો સંપર્ક સાંધવા વિનંતી.

માહિતી/ગોધરા/૮૫/૨૦૨૨

**ઓન લાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા-૦૫ સને : ૨૦૨૨-૨૩**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા–૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા ખાસ કક્ષા III (રસ્તા) તથા તેની ઉપરની યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી ગોધરા અને હાલોલ પેટા વિભાગના રસ્તાઓની માયક્રોસર ફેસીંગ અને આસ્ફાલ્ટ પેઈન્ટીંગ વર્કની કામગીરી માટે ઓન લાઈન ભાવો મંગાવવામાં આવે છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૨૬.૦૫.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૨૬.૦૫.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

જ્યારે કામોના ઓનલાઈન ટેન્ડર ઉપર જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૨૬.૦૫.૨૦૨૨ થી તા.૨.૦૬.૨૦૨૨ નાં રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાનાં રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન ટેન્ડર શાખાનો સંપર્ક સાંધવા વિનંતી.

માહિતી/ગોધરા/૮૬/૨૦૨૨

# કડાણા-સંતરામપુરના ૧૮૨ ગામોના લોકો મહિનાથી પાણી માટે રઝડવા માટે મજબુર


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર, કડાણા-સંતરામપુર તાલુકાના ૧૮૨ ગામના લોકો પાછલા એક મહિનાથી પીવાના પાણી માટે પોકાર પાડી રહ્યા છે તે વાતથી જીલ્લા ઉચ્ચ તંત્ર અજાણ નથી ત્યારે પાણી પુરવઠા વિભાગ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે અસફળ રહી છે જેને પગલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે પાણી માટે રઝળપાટ કરતી પ્રજા ને મૂર્ખ બતાવતો કિસ્સો સામે આવ્યો હતો એક તરફ જ્યારે બે તાલુકાની પ્રજા પાણી માટે રઝળપાટ કરી રહી છે ત્યારે કડાણા તાલુકામાં સોમવારે જલ જીવન મિશન હર ઘર જલ ના હોડીગ લગાવી સરકાર લોકોને છેતરી રહી હોવાનું સ્પષ્ટ દેખાય રહ્યું છે.

મહીસાગર જીલ્લાના પાણી પુરવઠા વિભાગની ઘોર બેદરકારી થી જીલ્લાના ૧૮૨ ગામોમાં પાછલા એક મહિનાથી પીવાના પાણી માટે પ્રજા વેખલા કરી રહી છે ત્યારે માત્ર મોટરો રીપેરીંગ કરવામાં એક માસ જેટલો સમય લાગે આવી પાણી પુરવઠા વિભાગની ઘોર બેદરકારી બાદ હવે સરકાર લોકોને ઘરે ઘરે પાણી પહોંચાડવામાં સફળ રહી છે આવી લોક વાયકા ઓ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી તાલુકામાં વાજતે ગાજતે શરૂ કરવામાં આવેલ વાસ્મો અને નલ સે જલ યોજના પણ નિષ્ફળ રહી હોવાનું સાબિત થયું હતું તાલુકાના સંઘરી, મઠ, ડોડિયા, ગોલણપૂર, રાજનપુર, વાઘડુંગરી, દધાલિયા, જોગણ જેવા ગામોમાં આ યોજના થકી લોકોને પીવાનું પાણી મળ્યું નથી ત્યારે સરકાર દરેક ઘરમાં પાણી પહોંચાડવામાં સફળ રહી હોવાના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે જ્યારે એક મહિનાથી મહીસાગર જીલ્લાના બે તાલુકાના લાખ્ખો લોકો પાણી વગર તરસ્યા છે ત્યારે જીલ્લામાં આવેલ વડી કચેરીઓ મા અઈ મા બેસી વહીવટ કરતું તંત્ર લોકોને ૪૦ ડિગ્રી ગરમીમાં પાણી લેવા મજબુર બનાવી રહ્યું છે પાણી પુરવઠા યાત્રિક વિભાગ દ્વારા માત્ર મોટરો બંધ હાલતમાં હોવાનું જણાવી પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યું છે પણ શું ત્રણ મોટર રીપેરીંગ માટે આટલો સમય લાગે અને જો લાગે તો સવાલ લાખ્ખો લોકોની સમસ્યાનો છે તો સરકાર અને તંત્ર અન્ય કોઈ વિકલ્પ અપનાવી આ સમસ્યાનું સમાધાન કેમ નથી કરતી કે પછી તંત્ર અને સ્થાનિક રાજનેતાઓ ને આ સમસ્યાનો નિકાલ કરવામાં રસ નથી છેલ્લા એક માસથી પાણી પુરવઠા વિભાગની બેદરકારીથી પીવાના પાણી માટે વલખાં મારતી પ્રજાની સહન શક્તિ છેલ્લી ચરમ સીમાએ પહોંચી છે ત્યારે હવે છેલ્લે જીલ્લા કલેકટર દ્વારા આ સમસ્યાનો ઉકેલ લાવવા અંગત રસ લેવામાં આવે તેવી આશાઓ સાથે પ્રજા મીટ માંડીને બેઠી છે જ્યારે માત્ર વોટ માટે રોટલા શકતા રાજકીય નેતાઓ સામે આ રોષ ધીમે ધીમે એક ઉગ્ર આંદોલન તરફ વળતો જોવા મળી રહ્યો છે.

અત્રે ઉલેખનીય છે કે બે તાલુકાના ૧૮૨ ગામના લોકો પાણી માટે વલખાં મારી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર દ્રઢ સંકલ્પ સાથે જલ જીવન મિશન હર ઘર જલ ના હોડીગ લગાવવામાં આવી રહ્યાં છે તેમા શું રાજ્યના દરેક ઘરે પાણી મળી રહ્યુ છે? કડાણા તાલુકામાં શોભાના ગાંઠીયા સમાન ઘર આંગણે ઉભા નળ જોતા લાગી રહ્યું છે તાલુકામાં સોમવારે જે હોડીગ લગાવવામાં આવ્યા છે તેમા સરકાર દ્વારા ખોટો પ્રચાર કરવામાં આવી રહ્યો છે તેવુ સાબિત થઈ રહ્યું હતું.

## સંતરામપુર તાલુકના ચુથાના મુવાડા ગામના લોકોને ૨૭ દિવસથી નથી મળ્યું પીવાનું પાણી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકના ચુથાના મુવાડા ગામના લોકોને ૨૭ દિવસથી પીવાનું પાણી નથી મળ્યું હાલ ગામમાં બે હેડપંપ છે જેમાં પણ પાણી માટે મોટી લાઈનો લાગે છે ગ્રામજનો ને એક કિલોમીટર દૂરથી પાણી ભરવા જવું પડે છે. ગામના તળાવ પણ ખાલીખમ છે બોર કુવાના તળ નીચે ગયા છે ગામમાં પીવાના પાણીની ખુબ મોટી સમસ્યા છે.

રાજ્ય સરકાર વિકાસની મોટી-મોટી વાતો કરી રહી છે નળ સે જલ... હર ઘર જલ જેવી વાતો માત્ર કાગળ પર હોય તેવું માલુમ પડી રહ્યું છે ચુથાના મુવાડા ગામની અંદાજીત ચાર હજાર જેટલી વસ્તી છે ગામમાં રાજપૂત, બારીઆ લોકોની વસ્તી છે ગામ ખુબ વિકાસશીલ, સ્વચ્છ અને શિક્ષિત છે ગ્રામજનો દ્વારા અવાર-નવાર પાણીપુરવઠા તેમંજ પાણી જૂથ યોજનાના ઈજનેર ને અનેક વખત રજૂઆત કરવા છતા અહી છેલ્લા ૨૭ દિવસથી એક પણ દિવસ પીવાનું પાણી નથી મળ્યું ક્યાંક ને ક્યાંક મોટર બગડી છે કાલે મળી જશે તેવા નિર્થક આસવાસન મળી રહ્યા છે. ગામનો યુવા વર્ગ નોકરી અર્થે બહાર રહે છે કેટલાક પરિવારના માત્ર ઘરડા લોકો જ ગામમાં રહે છે હાલ તેઓ ને પીવાના પાણી માટે વલખા મારવાનો વારો આવ્યો છે ઘરડા લોકો ને આજે ૮૪ વર્ષની ઉમરે પણ હેડપંપ દ્વારા પાણી ખેચવાનો વારો આવ્યો છે. સરકારની તમામ યોજના માત્ર કાગળ પર હોય તેમ જાણે અવાર-નવાર ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા છતા બોદુ આસવાસન આપવામાં આવી રહ્યું છે.

ગામના ખેડૂતો હાલ પશુપાલન પર નિર્ભર છે ત્યારે મુંગાઢોરને પાણી પીવડાવવા માટે સવારે ચાર વાગ્યાથી હેડપંપ ખેચવાનો વારો આવ્યો છે ગામમાં પાણી ને લાઈન કેટલાય પશુપાલકો દ્વારા પોતાના પશુઓને વેચી દેવાનો વારો આવ્યો છે પાણી ન હોવાના કારણે હાલ ગ્રામ જનો આર્થીક રીતે પણ પાયમાલ બન્યા છે ગામ લોકો પાણી મેળવવા માટે દૂર દૂર સુધી જવા મજબુર બન્યા છે લોકોને વાપરવાનું પાણી તો દૂર પરંતુ પીવાનું પાણી પણ માંડ માંડ મળી રહ્યું છે ત્યારે પાણીની યોગ્ય વ્યવસ્થા થાય તેવો જીલ્લા વહીવટીતંત્ર અને સરકાર પાસે લોકો આશા રાખી રહ્યા છે જ્યારે મહિલાઓ એક જ હોવાના કારણે પાણી ભરવા માટે રોજ તકરાર થતી હોય છે પાણી ભરવા માટે મારો પહેલો નંબર લાગે તેમ કરીને સવારે વહેલા ૪:૦૦ નું પાણી ભરવાનું ચાલુ કરતા હોય છે આ રીતની ગંભીર પરિસ્થિતિ જોવા મળેલી છે આ ગામની અંદર ગ્રામજનોને કેવું છે કે અમારી સમસ્યાને કોઈ સમજવા તૈયાર નથી અને કોઈ નેતા કે ધારાસભ્ય ફરક્યું જ નથી ગામલોકોની પાણી માટેની ગંભીર પરિસ્થિતિ જોવાઈ રહી છે.


## મહીસાગર જિલ્લાના નાની સરસણ ભિલોડીયા તળાવ ખાતે રાજ્ય મંત્રીની ઉપસ્થિતિમાં જળ વધામણાનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, પાણીની અછત અને નીચા જતાં જળસ્તરની સમસ્યાના નિરાકરણ માટે મહીસાગર જિલ્લામાં ૭૫.૬૭ કરોડના ખર્ચે કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત શિયાલ અને શામણા તળાવમાંથી ૩૫ તળાવો ભરવા માટેની યોજના શરૂ કરવામાં આવી હતી. જેમાં તબક્કા વાર તળાવો ભરવાની કામગીરી શરૂ થઇ છે ત્યારે આજ રોજ ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી કુબેરભાઇ ડિંડોરની અધ્યક્ષતામાં નાની સરસણ ભિલોડીયા તળાવ ખાતેજળ વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો.આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, અગ્રણી દશરથભાઇ બારીયા, રાવજીભાઇ પટેલસહિત સરપંચો, ગ્રામજનોની ઉપસ્થિતિમાં ભીલોડીયા મહાદેવ મંદિરે મહીસાગર નદીના જળનો જલાભિષેક કરવામાં આવ્યો હતો. પ્રાસંગીક ઉદબોધનમાં મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા સુજલામ-સુફલામ જળ અભિયાનને કારણે જિલ્લાના ઘણાં તળાવો ઉંડા કરવાની કામગીરી હાથ ધરાઇ છે. રાજ્ય સરકારના જળ સંચય અભિયાન દ્વારા પાણીને પ્રસાદ સમજીને વરસાદ રૂપે વરસેલાં પાણીનું ટીંપે-ટીંપુ જમીનમાં ઉતરે અને ધરતી માતાની તપ્ત ધરાંની તૃષા છીપાય તે માટે અભિયાન સ્વરૂપે કાર્ય કરી રહી છે ત્યારે આવાં નાના પણ મહત્વપૂર્ણ કામોથી ધરાં પરનાં જલાવરણમાં ચોક્કસ વધારો થશે. મહીસાગર જિલ્લામાંપાણીની અછત અને નીચા જતાં જળસ્તરની સમસ્યાના નિરાકરણ માટેઉદવહન યોજનાઓના માધ્યમથી તળાવો ભરવાની કામગીરી શરૂ કરી નેવાનું પાણી મોભે ચઢાવવાનું કામ સરકાર કરી રહી છે.

મહીસાગર જિલ્લામાં ૧૮૫ કરોડના ખર્ચે તળાવો ભરવાની જોગવાઇ કરવામાં આવી હતી. જેમાં ૭૫.૬૭ કરોડના ખર્ચે કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત શિયાલ અને શામણા તળાવમાંથી ૩૫ તળાવો ભરવાની યોજનાનો પણ સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત શિયાલ પંપીગ સ્ટેશનથી સંતરામપુર તાલુકાના ૧૨ અને કડાણા તાલુકાના ૬ મળી કુલ ૧૮ તળાવો તેમજ શામણા પંપીંગ સ્ટેશનથી સંતરામપુર તાલુકાના ૧૩ અને લુણાવાડાના તાલુકાના ૦૪ તળાવો મળી કુલ ૧૭ તળાવો ભરવામાં આવનાર છે. આ યોજનામાં ક્રમશઃ કામગીરી પુર્ણ થઇ તેવા તળાવો ભરવાના શરૂ કરવામાં આવ્યા છે. ત્યારે મહીસાગર માતાના આ નિરના વધામણા કરવાનું ગ્રામજનોએ આયોજનોએ આયોજન કર્યું હતું. આ યોજના અંતર્ગત તળાવ ભરવાની કામગીરીથી અંદાજીત ૧૨૨૫ હેક્ટર જમીન લાભાન્વિત થશે અને આ વિસ્તારના જળ સ્તર ઉચા આવશે તેમજ લોકોને પાણીની સમસ્યાનો મહદ અંશે હલ આવશે. ઉપસ્થિત ગ્રામજનોએ વર્ષો બાદ પાણીની સમસ્યાનું નિરાકરણ થતાં ખુશી વ્યકત કરી સરકારનો આભાર માન્યો હતો. રાજ્યમંત્રી દેશી વાજિંત્રોના સૂર સાથે પારંપરિક નૃત્ય કર્યું હતું.

## સંતરામપુર પાલિકાના સફાઇ કામદારોએ રોડ ઉપર કચરો સળગાવમાં બે પશુંઓ દાઝયા



સંતરામપુર, સંતરામપુર નગરમાં સફાઈ કામદાર દ્વારા રોડ ઉપર કચરો સળગાવતા બે પશુઓ દ જાયા સંતરામપુર નગરમાં સફાઈ કામદાર દ્વારા લુણાવાડા બસ સ્ટેન્ડ વિસ્તારમાં રોડ ઉપર નો કચરો નિયમ મુજબ કચરાના ઢગલાઓ કાગળ અને કાગડી ભેગી કરેલી એક થેલામાં ભરવાની હોય છે પરંતુ સફાઈ કામદાર દ્વારા પોતાની મનમાની ચલાવી ને અને તેમને ઊંચકીને જવું પડે તે માટે ગામ નો બધો જ કચરો કરીના દુકાન પાસે તેને ડગલા કરીને તેને માચીસ મારીને સળગાવી દેવામાં આવે છે આજે પરી કચરો સળગાવતા વખતે બેઠેલા બે પશુઓ દ જાયા હતા અને તેની બાજુમાં લાકડાનું પીઠું પણ આવેલું છે મોટી જાનહાનિ અને આગ લાગવાની દુર્ઘટના પણ બની શકે છે સવારે વહેલો સુસવાટા મારતો પવન પણ આવતો હોય છે આના કારણે પણ આવી રીતે ફેલાઈ જાય તો પણ મોટી ઘટના બની શકીએ છીએ સ્થાનિક વેપારીઓ અને આજુબાજુના રહીશોએ નગરપાલિકામાં અને સફાઈ કામદારની અનેક જાણ કરવા છતાં પોતાની મનમાની ચલાવી ને ખુલ્લા માં રોડ ઉપર નો કચરાના ઢગલાઓ સળગાવી નહિ મોટું જોખમ કારક શું કરે છે નગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને સુચના આપણે કડક નિયમોનું પાલન કરવાનું કહે તેઓ નગરના વેપારીઓ સ્થાનિક રહીશો ઈચ્છી રહ્યા છે.

## મહીસાગર જિલ્લાના પેન્શનરો માટે ૪ જુને પેન્શન અદાલત યોજાશે

લુણાવાડા, મહીસાગર જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં અનેક પેન્શનરોને નિવૃત્તિ પછી જીવન જીવવા માટે પેન્શન અપાઈ રહ્યુ છે ત્યારે કેટલાક પેન્શનરોને અનેક પ્રશ્નો સતાવી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને પાંચ ઝોનમાં વિભાજીત કરી પેન્શન અદાલત યોજવાનુ નક્કી કર્યુ છે. જે અંતર્ગત મહીસાગરના પેન્શનરો માટેઆગામી તા.૪ જુનના રોજ ગાંધીનગર સેક્ટર ૧૫ માં આવેલી કોમર્સ કોલેજના ઓડિટોરિયમમાં પેન્શન અદાલત યોજાશે. જેના માટે જે તે પેન્શનર તા.૫ મે સુધીમાં નિયત નમુનામાં અરજી હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, બ્લોક નં. ૧૭, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે. પેન્શનર https://bit.ly/pension-adalatની લીંકમા જઇ ગુગલ ફોર્મમાં પણ વિગતો ભરીને ફોર્મ જમા કરાવી શકશે. તેમ જિલ્લા તિજોરી અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## આપની આજ.......

મેષ : કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રસંશા થશે, પરંતુ સાથો સાથ તમારા દુશ્મની નિંદાઓ પણ વધશે. આવામાં તમારે જરાય પરેશાન થવાની જરૂર નથી. બસ તમારે તમારા કામ પર ફોકસ કરવાની જરૂર છે.

વૃષભ : ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુઃખી રહેશો. પત્ની કે પ્રેમિકા પણ આવા પ્રકારના વ્યવહારથી તમને વ્યથિત કરી શકે છે, જેથી તમે મનોમન પરેશાન રહો. આજે ના છૂટકે પણ તમારે એવું કમ કરવું પડી શકે છે કે જે બીજા માટે અસુવિધાનજક હોય.

મિથુન : આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય બની શકે છે કે કોઈ કામ શરૂ કરવામાં વધુ સમય લેવો પડે. આ કારણે તણાવ વધી શકે છે, પરંતુ યાદ રાખજો કપરો સમય જતો રહે છે અને આ દરમિયાન ધીરજ રાખવી જરૂરી છે.

કર્ક : આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. નોકરીમાં બની શકે છે કે આજે કોઈ કારણથી તમારે વિવાદ થઈ જાય, આવી સ્થિતિમાં વાણી પર કાબૂ રાખવાની જરૂર છે.

સિંહ : છેલ્લાં કેટલાંક દિવસોથી તમે નાના-મોટા કામ બગડી જવાથી આશ્ચર્યમાં છો. બની શકે છે કે આજે તમારા આ કામમાં સુધારો આવી શકે. તેમ છતા પણ કોઈ ડર કે શંકાના કારણે તમારૂ મન અશાંત રહી શકે છે. બપોર બાદ કેટલીક દોડાધામ પછી થોડો લાભ મળી શકે છે.

કન્યા : આજનો દિવસ તમારો સારો પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ સૌનો સહયોગ મળશે. જો શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રયાસ કરી રહ્યા હોવ તો આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે. બપોર સુધીમાં આર્થિક સંકટ પણ પૂરૂ થશે,

તુલા : હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવર-જવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે. આ દરમિયાન નજીકના લોકો ચિંતામાં વધારો કરી શકે છે. જો તમે પ્રેમ સંબંધમાં હોવ તો વહેલી તકે નિર્ણય લઇ લેજો, નહીં તો પાછળથી સમસ્યાઓ પેદા થઈ શકે છે.

વૃશ્ચિક : કોઈ પ્રતિયોગી પરીક્ષા માટે તમારે તૈયાર રહેવું પડશે. જો તમે તમારા વ્યવસાય કે વેપાર સંબંધિત કોઈ કરાર કે લખાણનું કામકાજ કરવા માંગતા હોવ તો તેને બે જ દિવસમાં પુરૂ કરી લેજો. આ જ સમય તમારા માટે શ્રેષ્ઠ છે. પરિવારના સભ્યો સાથે આજનો દિવસ સારી રીતે પસાર થશે.

ધન : આજે સવારથી જ પ્રતિકુળ દિવસ તમારા માટે રહેશે. આ સિવાય કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કોઈ પરિવર્તન આવી શકે છે, જેના કારણે તમારો મૂડ પણ બગડી શકે છે, પરંતુ તમે ધૈર્યથી કામ લેજો. સાંજ સુધીમાં સ્થિતિઓ તમારા માટે અનુકૂળ બની જશે.

મકર : આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે. બની શકે ત્યાં સુધી મહત્વના કામો પહેલા પૂરા કરી લેવા. જેથી કોઈ નુકસાન ન વેઠવુ પડે. બપોર પછીનો સમય પડકારભર્યો રહી શકે છે. થતાં કામ અટકી જાય અને માનિસક તણાવ વધી શકે છે.

કુંભ : આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી મજબૂતી વધશે. એટલે વિરોધ કરનારા અને તમારી ઈર્ષા કરનારા તમારૂ કંઈ પણ બગાડી નહીં શકે.

મીન : આજે આવક કરતા ખર્ચ વધુ થશે. આવામાં સંતુલન જાળવી રાખજો. ધ્યાન રાખજો કે, સારો મૂડ હોવાના કારણે એવું ન બને કે બીજાની મદદ કરવામાં તમે સારા નરસાનું ભાન ભૂલી જાવ. જરૂરિયાતમંદોની જ મદદ કરજો, નહીં તો અન્ય લોકો તમારા સ્વભાવનો લાભ ઉઠાવી શકે છે.

### પુસ્તક એટલે માનવીના પાયાનું ઘડતર કરતુ પરિબળ

## પુસ્તક એટલે આપણો સાચો મિત્ર : એક પુસ્તક માણસને પસ્તી બનતો અટકાવે છે




કડાણા, પુસ્તક વગરનું ઘર બારી વગરના મકાન જેવુ છે ત્યારે આજે વાત કરવી છે મહીસાગર જિલ્લાના જનકલ્યાણકારી પુસ્તકપ્રેમ ધરાવતા કલ્યાણસિંહની આજના મોબાઈલ યુગમાં યુવાઓ હોય કે બાળકો પુસ્તકો વાંચવાનો શોખ વિસરાતો જઈ રહ્યો છે. પુસ્તકો ખરીદવાનું જાણે ભુલાઈ રહ્યું છે ત્યારે વાંચવાની તો વાત જ ક્યાં ? ત્યારે આજે આપને એક એવા વ્યક્તિ વિષે જણાવીશું કે જે પુસ્તક પ્રત્યે અનેરો પ્રેમ રાખે છે. નામ પ્રમાણે ગુણ ધરાવતા કલ્યાણસિંહ જનકલ્યાણની ભાવના સાથે પુસ્તક એકત્ર કરી યોગ્ય સ્થાને વિતરણની પ્રવુત્તિ કરી રહ્યા છે. તેઓ ઓછું ભણ્યા છે પરંતુ પોતાના હરસિધ્ધિ ચેરીટેબલ ટ્રસ્ટમાં ગ્રંથપાલની ભૂમિકા અસરકારક રીતે અદા કરી રહ્યા છે.

મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના દધાલીયા ગામના પુવાર કલ્યાણસિંહ નાથુસિંહ પોતાના પિતાની પ્રેરણાથી પુસ્તકરૂપી જ્ઞાનગંગા વહાવવાનો ભગીરથ પ્રયાસ આદર્યો છે. પોતાને વિદ્યાર્થી કાળમાં જે પુસ્તકોનો અભાવ વેઠવો પડ્યો એવી મુશ્કેલી અન્યો ને ના પડે તે માટે પુસ્તકો એકત્ર કરવા અને અંતરિયાળ વિસ્તારમાં વિતરણ કરવું તેમજ પુસ્તકાલયો માટે પ્રેરક બની વાંચો અને વંચાવો એ ધ્યેય સાથે નિઃસ્વાર્થ પણે કાર્ય કરી રહ્યા છે. માત્ર ધોરણ૯ પાસ કલ્યાણસિંહ પોતાના જીવનકાળમાં અનેક સંઘર્ષ વેઠયો છે. તેમ છતાં પુસ્તકપ્રેમને જીવન લક્ષ્ય બનાવવાની આ સરાહનીય પ્રવુત્તિ કરી રહ્યા છે. દરેક ગામમાં એક પુસ્તકાલય તો હોવુ જ જોઈએ અને તેના માટે તેમણે પ્રયાસ હાથ ધર્યો છે. આ માટે છેલ્લા બાર વર્ષથી આ પ્રયાસના ભાગ રૂપે જનસેવા કરી રહ્યા છે. જેમાં અત્યાર સુધીમાં લાખોની સંખ્યામાં પુસ્તકો તેઓ અનેક સંસ્થાઓમાં વિના મુલ્યે આપી ચુક્યા છે. તેમની પુસ્તક એકત્ર કરી અંતરિયાળ વિસ્તારોમાં પુસ્તકાલય શરૂ કરવાની પ્રવુત્તિના લીધે અનેક સંસ્થાઓ તેમના સુધી પુસ્તકો પહોંચાડે છે. અનેક નામાંકિત લેખકો, અધિકારીઓ તેમના ઘરની મુલાકાત લઈ તેમની સેવાને બિરદાવી છે અને પુસ્તકોની ભેટ પણ આપી છે. તેમનો એક જ ઉદેશ્ય સારૂ વાંચન આચરણમાં આવે તેનાથી ચરિત્ર ઘડતર થાય. સમાજમાં કોઈ પુસ્તક વગર ભણ્યા વગર ના રહે. તેઓ જનરલ નોલેજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ વગેરેના પુસ્તકો પણ આપે છે. તેમના આ અનોખા પુસ્તક પ્રેમને કારણે અનેક મહાનુભાવોના હસ્તે સન્માનીત થયા છે. તેમના આ સેવાકાર્યમાં પરિવાર સહયોગી બની સહકાર આપે છે.

## કોલેજની પરીક્ષા પુરી અને જિંદગીની પરીક્ષા શરૂ



ગોધરા, જી હા મિત્રો આ કિસ્સો છે ગોધરાની શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજનો સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે ચાલતી બી.કોમ.ના છેલ્લા વર્ષની પરીક્ષા નો આજે છેલ્લો દિવસ હતો અને આજે જ કોલેજના વિદ્યાર્થી નરેન્દ્ર ભાઈ દિલીપ ભાઈ બારીયા ની લગ્ન વિધિ હતી. વિદ્યાર્થીએ વિચાર્યું કે આ પરીક્ષા આપવી જ છે. તો લગ્નના પોશાકમાં સજ્જ પીઠી ચોળીને, કટાર લટકાવીને એટલા જ ઉમંગ અને ઉત્સાહથી નરેન્દ્રભાઈએ આજે પરીક્ષા આપી. કેવો સંજોગ કે આજે બીકોમ ની પરીક્ષા તો પૂરી થઈ પણ એવું કહી શકાય કે આવતીકાલથી નરેન્દ્રભાઈ નીજિંદગીની પરીક્ષા શરૂ.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## ગરબાડા તાલુકાના ગાંગરડીમાં બન્યો લવ જેહાદ નો કિસ્સો

# લઘુમતી કોમનો યુવક હિન્દુ યુવતીને ભગાડી જતા સમાજ સહિત સ્થાનિકોમાં રોષ



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- સમગ્ર ગાંગરડી ગામ સ્વયંભુ જડબેસલાક બંધ, સમાજના આગેવાનો દ્વારા ગરબાડા PSI મામલતદાર અને જિલ્લા પોલીસ વડાને આવેદન આપવામાં આવ્યું.
- જ્યાં સુધી યુવતીને તેના પરિવારજનોને સોંપવામાં નહીં આવે ત્યાં સુધી ગામ બંધ રાખવા ની જાહેરાત કરાઈ.

ગરબાડા/દાહોદ,

ગરબાડા તાલુકાના ગાંગરડી ગામમાં પાછલા પાંચ વર્ષથી રહેતો અને મટન નો ધંધો કરતો લઘુમતી કોમનો ગોધરાનો વતની સુફિયાન સત્તાર પટેલ નામનો યુવક નિઝામ જમાલુદ્દીન રંગરેજ પઠાન ના ત્યાં રહેતો હતો અને એક હિન્દુ યુવતીને પોતાના સડયંત્ર માં ફસાવી છેતરી પટાવીને ધર્માંતરિત કરવા ભગાડી લઈ જતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે બીજી તરફ આ ઘટનાને પગલે સમગ્ર ગાંગરડી ગામ સ્વયંભુ જડબેસલાક બંધ થઈ ગયું જ્યાં સુધી યુવતીને તેના પરિવારજનોને સોંપવામાં નહીં આવે ત્યાં સુધી ગામ બંધ રાખવાનું સ્થાનિકો દ્વારા એલાન કરવામાં આવ્યું હતું તેમજ ઘટના સંદર્ભે સમાજના આગેવાનો દ્વારા ગરબાડા પીએસઆઇ મામલતદાર તેમજ જિલ્લા પોલીસ વડાને પણ આવેદન આપવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર તારીખ ૨૭ ના રોજ ગરબાડા તાલુકાના ગાંગરડી ગામની એક યુવતી ને દાહોદ કોલેજમાં પરીક્ષા હોય જેથી તેના પિતા તેને કોલેજ પર મૂકવા ગયા હતા અને પરીક્ષા પત્યા બાદ જ્યારે તેના પિતા યુવતી ને લેવા માટે ગયા ત્યારે જાણવા મળ્યું હતું કે આ યુવતી પરીક્ષા આપવા માટે આવી જ ન હતી જે યુવતીને પાછલા પાંચ વર્ષથી ગાંગરડી ગામે નિઝામ જમાલુદ્દીન રંગરેજ પઠાણના ત્યાં રહેતો ગોધરાનો સુફિયાન સત્તાર પટેલ ભગાડી લઈ ગયો હોવાનું ગામના સ્થાનિકોએ જણાવ્યું હતું.

મુસ્લિમ યુવક હિન્દુ યુવતીને ભગાડી લઇ જતા સ્થાનિક ગ્રામજનો અને સમાજના લોકોમાં માં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટના બનતા જ સમગ્ર ગાંગરડી ગામ સ્વયંભુ બંધ થઈ ગયું હતું અને જ્યાં સુધી યુવતીને તેના પરિવારજનોને સોંપવામાં નહીં આવે ત્યાં સુધી ગામ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી તો બીજી તરફ સમાજના આગેવાનો પણ એકત્રિત થઈ ગયા હતા અને ઘટના સંદર્ભે ગરબાડા પીએસઆઇ મામલતદાર અને જિલ્લા પોલીસ વડાને પણ આવેદન આપ્યું છે આ સમગ્ર મામલો લવ જેહાદ જોડે સંકળાયેલો હોવાથી હિન્દુ સંગઠનો દ્વારા પણ ગરબાડા તાલુકામાં બંધનું એલાન આપવામાં આવ્યું છે.

બંધના પગલે પંથકમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસ દ્વારા ગામમાં અને નિઝામ જમાલુદ્દીન રંગરેજ ના ઘરે ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે ઘટના સંદર્ભે યુવતીના પરિવારજનો દ્વારા દાહોદ પોલીસ મથકે ફરિયાદ આપી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે હાલ સમગ્ર પ્રકરણમાં પોલીસ દ્વારા શોધખોળ ના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે નાનકડા ગાંગરડી ગામ માં આવો અનિચ્છનીય બનાવ બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

## ગરબાડા બોરિયાલા ગ્રામ પંચાયતમાં કરાવેલ બોરના રૂપિયા બારોબાર ઉપઠી જતાં પરત મેળવવા અરજી છતાં નિકાલ નહી આવતાં પૂર્વ સરપંચે તાલુકા કચેરીએ આત્મવિલોપનનો નિષ્ફળ પ્રયાસ

દાહોદ,

દાહોદ જીલ્લા ના ગરબાડા તાલુકાના બોરિયાલા ગામની ગ્રામ પંચાયતમાં કરાવેલા બોરના રૂપિયા બારોબાર ઉપડી ગયા હોવાથી તે પરત મેળવવા માટે પૂર્વ સરપંચે અરજીઓ કર્યા છતાં કોઈ નિકાલ આવ્યો ન હતો. અંતે થાકીને તેણે આત્મવિલોપન કરવાની ચીમકી આપીને ૨૭મીના રોજ ડીઝલ ભરેલી બોટલ લઈને તે તાલુકા પંચાયત કચેરીમાં ઘસી આવી શરીરે ડીઝલ રેડી લેતાં ખળભળાટ મચી ગયો હતો. દોડી આવેલા ધારાસભ્ય સહિતના લોકોની હૈયાધારણાથી તેણે પોતાને આગ ચાંપી ન હતી. પોલીસે પૂર્વ સરપંચની અટકાયત કરી હતી.

ગરબાડા તાલુકાના બોરિયાલા ગામના પૂર્વ સરપંચ પારસિંગભાઈ બચુભાઈ પરમારના સમયમાં ગ્રામ પંચાયતના વિસ્તારમાં પીવાના પાણી માટે ૧૫મા નાણાંપંચની વહિવટી મંજુરી લઈને કુલ ૩૨ બોરનું કામ કરાવાયુ હતું. જેનું બીલ સરકારે ચુકવી પણ દીધુ છે. ૩૨ પૈકી ૨૮ બોરની બીલની રકમ ૧૫,૪૦,૦૦૦ જલધારા સબમર્શીબલ પંપ સેટ એન્ડ બોરવેલના ફારૂખભાઇ ખત્રીના ખાતામાં નાખી દેવાઇ હોવાનો પારસિંગભાઈએ કરેલી અરજીમાં ઉલ્લેખ કર્યો હતો. ફારૂકભાઈ ખત્રીએ આ કામ કર્યુ ન હોવા છતાં સરપંચ, તલાટીના મેળાપીપણામાં આ કામ થયુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.ચાર બોરની બાકી રકમ પણ વારંવાર કહેવા છતાં અપાતી ન હોઈ આ મામલે રજૂઆતો કરી હતી. તેની ઉપર કોઈ ધ્યાન નહીં અપાતાં અંતે ૨૭મી તારીખે ગરબાડા તાલુકા પંચાયતની કચેરીના પ્રાંગણમાં આત્મ વિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. તે મુજબ પારસિંગભાઈ ડીઝલ ભરેલી બોટલ લઈને કચેરીમાં ઘસી આવ્યા હતાં. આ બનાવની જાણ થતાં ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયા પણ દોડી આવ્યા હતાં. ધારાસભ્ય ચંદ્રિકાબેન સામે જ શરીરે ડીઝલ રેડી લીધુ હતું. તમામની સમજાવટ તેમણે પોતાને દિવાસળી ચાંપી ન હતી. દરમિયાન ઘસી આવેલી પોલીસે પારસિંગભાઈની અટકાયત કરી હતી. આ ઘટનાથી તાલુકા પંચાયત કચેરીમાં ખળભળાટ મચી ગયો હતો.

## દાહોદ હુસૈની મસ્જીદ વિસ્તારમાં એક યુવકે અન્ય મિત્ર સાથે ફરવા બાબતે ચપ્પુના ઘા ઝીંક્યા

દાહોદ,

દાહોદ શહેરના હુસૈની મસ્જીદ વિસ્તારમાં ચકચારી બનાવ સામે આવ્યો હતો જેમાં એક યુવકે અન્ય મિત્ર સાથે ફરવા બાબતે એકને ચપ્પુના ઘા હાથના ભાગે ઉપરા છાપરી મારી ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો અને આ સંબંધે પોલીસે હુમલાખોર વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૨૮મી એપ્રિલના રોજ જાવેદ ઈશાક મિરાજ (રહે. કસ્બા મોટા, ઘાંચીવાડ, તા.જિ.દાહોદ) નાએ સોહિલ અખ્તરભાઈ અરબ (રહે. મોટા ઘાંચીવાડ, અલમદાર ચોક, તા.જિ.દાહોદ) ને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું ફેઝાનખાન હસનખાન પઠાણ સાથે કેમ ફરે છે, તું તારા મિત્રો સાથે પરેલમાં આવી જા તને મારી નાંખીશ તેમ કહી, ધમકીઓ આપી એકદમ ઉશ્કેરાઈ જઈ સોહિલના સાથેના ફેઝાનખાન પઠાણ ઉપર ચપ્પુ વડે હુમલો કરી હાથના ભાગે ચપ્પુના ઉપરા છાપરી ઘા મારી લોહી લુહાણ કરી નાંખતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ઈજાગ્રસ્ત ફૈઝાનને પરિવારજનો દ્વારા તાત્કાલિક દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ સંબંધે સોહિલ અખ્તરભાઈ અરબ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



લીમખેડા તાલુકા ના ખીરખાઈ ગામ ની દેવધા ફળીયા તેમજ ડાંગી ફળીયા ની આંગણવાડી મા આવતા કુપોષિત બાળકોને ભારતીય જનતા પાર્ટી દાહોદ દ્વારા સુપોશીત કરવા માટે કીટ નું વિતરણ જિલ્લા ભાજપા ઉપ પ્રમુખ પાર્વતીબેન ડાંગી દ્વારા કરવામાં આવ્યું. જેમાં કુલ ૧૬ બાળકો ને વિતરણ કરવામા આવ્યું.

## ફતેપુરાના હિંગલા ગામે ૨૦૧૭માં વીજ કરંટ થી બાળકના મોત મુદ્દે વીજકંપનીને ૨.૧૦ લાખનું વળતર ચુકવવાનો હુકમ કરતી કોર્ટ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના હીંગલા ગામે એક બાળકનું વર્ષ ૨૦૧૭માં વીજ થાંભલાના કરંટથી મોત નીપજતાં આ મામલે મૃત બાળકના પિતા દ્વારા મધ્ય ગુજરાત વીજ કંપની લી. સામે કોર્ટમાં કેસ કર્યો હતો અને પાંચ વર્ષના લાંબા સમયગાળા બાદ પરિવારજનોને ન્યાય મળતાં ઝાલોદ કોર્ટે આ મામલે મધ્ય ગુજરાત વિજ કંપની લી. ને રૂા. ૨,૧૦,૦૦૦નું વળતર ચુકવવાનો હુકમ કરતાં પરિવારજનોને ખરા અર્થમાં ન્યાય મળ્યો હતો.

ગત તા.૦૩.૦૨.૨૦૧૭ ના રોજ ફતેપુરા તાલુકાના હીંગલા ગામના રહેવાસી ચંદુભાઈ સડીયાભાઈ કામોળની પુત્રી તૃપ્તિબેન પોતાના ખેતરમાં જતાં હતાં તે સમયે પગદંડી રસ્તાની બાજુમાં આવેલ ઈલેક્ટ્રીક લાઈનની ડી.પી. નજીકમાંથી પસાર થતાં તૃપ્તિબેનનો હાથ ડી.પી. થાંભલાને અડી જતાં તૃપ્તિબેનનું ઈલેક્ટ્રીક કરંટ લાગતાં મોત નીપજ્યું હતું જેથી તૃપ્તિબેનના મૃત્યુ બદલ એમ.જી.વી.સી.એલ. કંપનીની નિષ્કાળજીના કારણે થયેલ હોઈ જેથી તૃપ્તિબેનના મૃત્યુ બદલ તેના માતા-પિતા ચંદુભાઈ સળીયાભાઈ કામોળ તથા કમળાબેન ચંદુભાઈ કામોળનાઓએ મધ્ય ગુજરાત વીજ કંપની લી. વિરૂધ્ધ તૃપ્તિબેનના મૃત્યુ બદલ વળતર મેળવવા દાહોદ જિલ્લાની ઝાલોદ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. આ કેસ ઝાલોદના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ કે.સી.ની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે ચંદુભાઈના વકીલ જાવેદ મન્સુરી તથા અલતાફ મનસુરીની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે વિજ કંપનીને તૃપ્તિબેનના મૃત્યુ બદલ જવાબદાર ઠેરવી તેમના માતા-પિતાને વળતર પેટે રૂા.૨,૧૦,૦૦૦ વ્યાજ સહિત ચુકવવા હુકમ કરવામાં આવ્યો હતો.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાની વજેલાવ ગામ ની પ્રાથમિક શાળા ભૂતવડ ખાતે જગદીશ ડામોર અને વર્ષા પટેલ દરા સરકાર દ્વારા નવ વર્ષ નું ગેડશન મળવા બદલ શાળા ના બાળકો માટે તિથિ ભોજન જેમાં લાડુ, શાક પૂરી દાળ ભાત આપવામાં આવ્યા હતા. બાળકો ને પીરસતા દંપતી દેશયમાન થાય છે તેમનો આભાર વ્યક્ત શાળા ના આચાર્ય કિરણ સિંહ ચાવડા એ કર્યું ઓ હતો.

## ફતેપુરા તાલુકા કક્ષાના હેલ્થ મેળાનો શુભારંભ કરાયો

દરેક ગામ માં ટીબી ના દર્દીઓને કાર્યકર્તા પદાધિકારીઓએ દત્તક લેવા જોઈએ : દંડક રમેશભાઈ કટારા

ફતેપુરા,

ફતેપુરા તાલુકા કક્ષાનો હેલ્થ મેળાનો શુભારંભ ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારા ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયાર પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી આરોગ્ય સેવા ની વિસ્તુત માહિતી આપવામાં આવી હતી. આયુષ્યમાન કાર્ડનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં બ્લોક હેલ્થ મેળાઓનો પ્રારંભ થયો છે. જે અંતર્ગત ફતેપુરા તાલુકામાં ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારાએ ફતેપુરા થી આરોગ્ય મેળાનો શુભારંભ કરાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સી.ડી પટેલના માર્ગદર્શન હેઠળ તમામ તાલુકાઓમાં અલગ-અલગ જગ્યાએ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

આ આરોગ્ય મેળામાં આરોગ્ય સંભાળ સેવાઓ, વિનામૂલ્યે નિદાન અને સારવાર, હેલ્થ આઈ.ડી. કાર્ડ, આયુષ્યમાન ભારત કાર્ડ, ટેલી કન્સલ્ટેશન, નિરામયા ગુજરાત અંતર્ગત ડાયાબીટીસ, હાઈ બી.પી., મોંઢાના કેન્સરની તપાસ, આંખની તપાસ, દાંતની તપાસ, યોગ અને ધ્યાન વગેરે સેવાઓ આપવામાં આવી હતી. સરકાર દ્વારા આયુષ્યમાન ભારત યોજનાના લાભાર્થીઓના કાર્ડ વિતરણ, નવા કાર્ડ બનાવવા/રિન્યુ કરવા તેમજ લોકોના આરોગ્ય સુખાકારી માટે બિન ચેપી રોગો અને સંક્રામક રોગોની પ્રાથમિક તપાસ અને આરોગ્યપ્રદ જીવનશૈલી જીવવા માટે રોજિંદા જીવનની જીવન શૈલી કેવી હોવી જોઈએ તે અંગે જાણકારી પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમ માં જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ એ આરોગ્ય સેવાઓની માહિતી આપી હતી. દંડક અને ફતેપુરા વિધાનસભા ના ધારાસભ્ય રમેશભાઈ કટારા એ જણાવ્યું હતું કે કોરોના મહામારી માં આરોગ્ય કર્મચારીઓ એ પોતાના જીવ ની પરવા કર્યા વિના સેવા બજાવી છે. જેનો હું આભારી છું. તેમજ મોટા ભાગ ના ગામો માં ટીબી ના દર્દીઓ છે. જે દર્દીઓ ની યાદી લઈને કાર્યકર્તાઓ, સરપંચો, પદાધિકારીઓ, દત્તક લે. અને તેઓની કાળજી રાખે જેથી આવનારા સમય માં ટીબી મુક્ત ગુજરાત બનાવી સકિયે. આયુષ્યમાન કાર્ડ ના લાભાર્થીઓને કાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ મા આદિજાતિ મોરચાના ઉપ પ્રમુખ ડો. અશ્વિન પારગી, તાલુકા પંચાયત પ્રમુખ રમીલા બેન પારગી, ઉપપ્રમુખ પર્વતભાઈ, જિલ્લા મેલેરીયા અધિકારી અતિત ડામોર, તાલુકા આરોગ્ય અધિકારી ડો હાડા, જિલ્લા પંચાયત સભ્ય પ્રતાપભાઈ, ભાઈ પારગી મુકેશભાઈ પારગી, ભારતીબેન પારગી, સરપંચ મનોજ કલાલ, દિપ્સંશુ આમલિયર, રાધિકા બેન, મહામંત્રી જીતુ બાપુ, મહીલા મોરચા ના પ્રમૂખ કાંતાબેન ડામોર અન્ય મહિલા મોરચાની બહેનો આરોગ્ય અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ ખાતે જલ શક્તિ અભિયાન અને અમૃત સરોવર યોજના સંદર્ભે બેઠક યોજાઇ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ભારત દેશ આઝદીના ૭૫ વર્ષ નિમિત્તે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરી રહયું છે. જેના ભાગરૂપે દાહોદ જિલ્લામાં અમૃત સરોવર યોજના અંતર્ગત ૭૫ તળાવોનું, બાધકામ, મરામત અને પાણીના સંગ્રહ માટેના આગોતરા આયોજન સંદર્ભે બેઠક જિલ્લા કલેકટર ડો.હર્ષિત ગોસાવીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ના સંભાખંડમા યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા કલેકટર ડો. હર્ષિત ગોસાવી જણાવ્યું હતું કે વડાપ્રધાન દ્વારા સૂચવેલા જિલ્લામાં ૭૫ તળાવોનું બાધકામ, મરામત અને પાણીના સંગ્રહ માટે આગોતરૂં આયોજન કરી સત્વરે કામગીરી હાથ ધરવા સંબંધિત વિભાગોના અધિકારી ઓને તાકિદ કરી હતી.

બેઠકમાં જલ શક્તિ અભિયાન અને અમૃત સરોવર યોજના સંદર્ભે વિસતૃત જાણકારી આપવામાં આવી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એ.બી. પાંડોર, જિલ્લા ગામ વિકાસ એજન્સી નિયામક સી.બી બલાત, સહિતના સંબધિત અધિકારીઓ ઊપસ્થિત રહયા હતા.

## દાહોદ જિલ્લાના પેન્શનરોએ મે, જૂન માસ દરમિયાન હયાતિની ખરાઈ કરાવી લેવાની રહેશે

દાહોદ,

જિલ્લા તિજોરી કચેરી, દાહોદ ખાતેથી IRLA સ્કીમ હેઠળ પેન્શન મેળવતા રાજય સરકાર તથા કેન્દ્ર સરકારનું પેન્શન તમામ પેન્શનરોએ મે અને જૂન માસ દરમિયાન હયાતિની ખરાઈ તા.૦૧/૦૫/૨૦૨૨થી તા.૩૧/૦૭/૨૦૨૨ દરમિયાન પેન્શનર જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય તે બેંકમાં જઇને હયાતિની ખરાઈ કરાવી લેવાની રહેશે.

જિલ્લા તિજોરી અધિકારી, દાહોદ તરફથી મળતી વિગતો અનુસાર દાહોદ જિલ્લાના રાજય સરકાર અને કેન્દ્ર સરકારના તમામ પેન્શનરોએ મે એન જૂન માસમાં જે બેન્કમામંથી પેન્શન મેળવતા હોય તે બેંકમાં રૂબરૂ અથવા વેબસાઇટ www.jeevanpraman.gov.in પર જીવન પ્રમાણ પોર્ટલ દ્વરા ડીજીટલ લાઇફ સર્ટિફિકેટની પદ્ધતિથી ઓનલાઇન હયાતિની ખરાઈ કરાવી શકાશે. નિયત સમયમર્યાદામાં હયાતિની ખરાઈ કરવામાં નિષ્ફળ જનાર પેન્શનરના કિસ્સામાં ઓગષ્ટ-૨૦૨૨ના માસથી પેન્શનની રકમનું ચૂકવણું સ્થગિત કરવામાં આવશે. આ જોગવાઈ સને-૨૦૨૨ એટલે કે ચાલુ વર્ષ પુરતી જ અમલી રહેશે.

## દાહોદના નાની ખરજ ગામે અજાણી મહિલા નવજાત બાળકને મૃત હાલતમાં ત્યાજી દેતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના નાની ખરજ ગામે કોઈ અજાણી સ્ત્રી દ્વારા તાજુ જન્મેલુ મૃત હાલતમાં નવજાત બાળક ત્યજી દેતાં પોલીસે આ મામલે અજાણી વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ગત તા.૨૭મી એપ્રિલના રોજ દાહોદ-ગરબાડા હાઈવે પર નાની ખરજ ગામે કોઈ અજાણીય સ્ત્રી અથવા ઈસમ દ્વારા તાજુ જન્મેલ બાળક મૃત હાલમાં સ્થળ પર તરછોડી નાસી જતાં તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ રમેશભાઈ રાળીયાભાઈ માવી (રહે. રળીયાતી, સાંગા ફળિયું, તા.જિ.દાહોદ) ના ત્યાંથી પસાર થતાં આ નવજાત બાળક ઉપર તેમની નજર પડી હતી અને તેઓ આસપાસના ગ્રામજનોને પણ જાણ કરતાં સ્થાનીક રહીશો સ્થળ પર દોડી આવ્યાં હતાં અને આ મામલે સ્થાનીક પોલીસને જાણ કરતાં પોલીસ પણ દોડી આવી હતી અને નવજાત બાળકનો કબજો લઈ નજીકના દવાખાને રવાના થઈ હતી. આ સંબંધે રમેશભાઈ રાળીયાભાઈ માવીએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.209

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરામાં બહારપુરા વિસ્તારમાં ગાંજો વેચાતાં એક ઈસમની ધરપકડ



ગોધરા,

ગોધરા શહેર ના બહારપુરા વિસ્તાર માં એક ઈસમ ગાંજા નો જથ્થા નો વેચાણ કરે છે તેવી ચોક્કસ બાતમી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે.ખાંટ એસ.ઓ.જી શાખા નાઓને મળેલ કે ગોધરા ટાઉન વિસ્તારમાં આવેલ બહારપુરા સ્મશાન રોડ પાસે હજરત નવગજ પીરબાબા દરગાહની બાજુમાં બનાવેલ ઓરડીમાં એક ઈસમ નામે જહીરુદ્દીન ઉર્ફે લકડી અલ્લાઉદ્દીન સૈયદ નાનો તેના કબ્જા ભોગવટાની ઓરડીમાં સુકા ગાંજાનુ ચોરી છુપીથી છુટક માં વેચાણ કરે છે. તેવી બાતમી આધારે પોલીસ. ઈન્સ. એમ.કે.ખાંટ તથા પો.સ.ઈન્સ. આર. એમ. મધુવા તથા પોલીસ સ્ટાફ ના માણસો તથા બે પંચો ને સાથે રાખી બાતમી વારી જગ્યા એ રેડ કરતા જહીરુદ્દીન ઉર્ફે લકડી અલ્લાઉદ્દીન સૈયદ નાઓ હાજર મળી આવેલ તેને સાથે રાખી તેની કબજા ભોગવટાની ઓરડીમાં તપાસ કરતા એક થેલીમાં ગાંજાનો જથ્થો મળી આવેલ જેથી એફ.એસ.એલ. અધિકારી ને સ્થળ ઉપર બોલાવી પરીક્ષણ કરાવતા ગાંજો હોવાનું જણાવતા હોય પકડાયેલ ગાંજાનું વજન કરાવતા કુલ જથ્થો ૩૦૦ ગ્રામ જેની કી.રૂ.૩૦૦૦ ગણી તેની અંગ ઝડતી માંથી એક મોબાઈલ જેની કિંમત ૫૦૦ તથા રોકડ રૂ.૫૭૦ મળી કુલ ૪૦૭૦ ના મુદ્દામાલ સાથે પકડી સદરી આરોપી વિરૂદ્ધ NDPS કાયદેસર કરવા સારૂં ગોધરા એ ડીવીજન પોલીસ સ્ટેશન માં ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે.

# હાલોલ-ગોધરા કંજરી બાયપાસ ચોકડી પુલ પાસે આઈસર ટેમ્પોમાં આગ લાગી



હાલોલ,

હાલોલ નગરની બહાર ગોધરા બાયપાસ રોડ પર આવેલ કંજરી બાયપાસ ચોકડી ખાતે પુલ પાસે એક આઈસર ટેમ્પોમાં આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો જેમાં આઈસર ટેમ્પોમાં ભરેલ ઘરવખરીનો સામાન આગની જ્વાળાઓમાં ભસ્મીભૂત થઈ થઈ જવા પામ્યો હતો જ્યારે આઈસર ટેમ્પોમાં આગ લાગવાને પગલે ઘટનાસ્થળે લોક ટોળા ઉમટયા હતા. બનાવની મળતી વિગતો પ્રમાણે હાલોલ નગરની બહાર હાલોલ ગોધરા હાઈવે બાયપાસ રોડ પર રહીને એક આઈસર ટેમ્પો પસાર થઈ રહ્યો હતો ત્યારે કંજરી બાયપાસ ચોકડી પર પુલ પાસે આઈસર ટેમ્પોમાં કોઈ કારણોસર એકાએક આગ લાગવાની ઘટના બનવા પામી હતી જેમાં આઈસર ટેમ્પોમાં આગ લાગતા આઈસર ટેમ્પોમાં ભરેલ ઘરવખરીનો સામાન આગની જ્વાળાની લપેટમાં આવી ગયો હતો અને જોતજોતામાં આઈસર ટેમ્પોમાં લાગેલ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ભીષણ આગથી ધુમાડાના ગોટે ગોટા આકાશમાં ઉઠવા પામ્યા હતા જ્યારે આઈસરમાં આગ લાગતા આઈસરના ચાલકે આઈસરને મુખ્ય રોડ પર ઉભી રાખી સમયચૂકતા વાપરી આઈસરમાંથી ઉતરી ગયો હતો જ્યારે આઈસરમાં આગના બનાવના પગલે આસપાસથી પસાર થતા વાહન ચાલકોએ પોતાના વાહનો રોકી દઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતા જ્યારે આકાશમાં દૂર સુધી ઉઠતા ધુમાડા ગોટે ગોટા જોઈ આસપાસથી પણ લોકો ઘટનાસ્થળે દોડી આવતાં ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટયા હતા અને તાત્કાલિક બનાવ અંગે હાલોલ નગર પાલિકાની ફાયર ફાઈટરની ટીમને જાણ કરવામાં આવી હતી જેમાં બનાવ અંગેની જાણ થતા હાલોલ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ અગ્નિશમન વાહનો સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી અને આઈસર ટેમ્પો પર લાગેલ આગ પર પાણીનો મારો ચલાવી આગને ઓલવવાની કોશિષમાં જોતરાઈ હતી જેમાં ફાયર ફાઈટરની ટીમે કલાકોની જહેમત બાદ આઈસર ટેમ્પોમાં લાગેલ આગ પર કાબુ મેળવ્યો હતો જોકે તે દરમિયાન આઈસર ટેમ્પોમાં ભરેલ ઘરવખરીનો મોંઘો સામાન જેમાં ફ્રીજ, ટીવી, એસી સહિતનો સામાન આગમાં બળીને ખાખ થઈ જવા પામતા આઈસર ટેમ્પોમાં ઘરવખરીનો સમાન લઈને જતા સામાન માલિકને ભારે નુકસાન થવા પામ્યું હતું.

# શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે બાળ સુરક્ષા સમિતિની મીટીંગ યોજાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે બાળ સુરક્ષા સમિતિની ત્રીજી મીટીંગ યોજાઈ હતી. મિટિંગમાં ઊપસ્થિત સૌ ને સમાજ સુરક્ષાની અનેક યોજનાઓની માહિતી આપવા સાથે બાળ લગ્ન પ્રથા ઉપર પ્રતિબંધ માટેની ઝીણવટ ભરી ચર્ચા કરવામાં આવી હતી.

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા બાળ સુરક્ષા સમિતિની ત્રીજી માસિક મિટિંગ યોજાઈ હતી. તાલુકા કક્ષાની બાળ સુરક્ષા સમિતિની ત્રી માસિક મીટીંગ તાલુકા પંચાયત પ્રમુખ રાયજીભાઈ નાયક, તાલુકા વિકાસ અધિકારી તુલસીભાઈ ઠક્કર અને તાલુકા આરોગ્ય અધિકારી ભરત ભાઈ ગઢવીની અદયક્ષતામાં યોજાઈ હતી. મિટિંગમાં બાળ લગ્ન પ્રથા ઉપર પ્રતિબંધ માટેની ઝીણવટ ભરી ચર્ચા કરવામાં આવવા સાથે સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોય અને પુરૂષની ઉંમર ૨૧ વર્ષ કરતા ઓછી હોય તેવા લગ્ન સંબંધોને બાળ લગ્નના નિયમો લાગુ પડે તેમજ આવા લગ્નો કરવાવાળાને નિયમ મુજબ એક લાખ રૂપિયાનો દંડ અને બે વર્ષની સજા ની જોગવાઈ ની ચર્ચા કરવામાં આવી હતી. સમાજ સુરક્ષા કચેરી તરફથી મળતા અનેક લાભો જેવા કે પાલક માતા પિતા યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, સ્પોન્સરશિપ યોજના, કેદી સહાય યોજના, યુડીઆઈડી કાર્ડ, દત્તક વિધાન જેવી અનેક યોજનાઓની ચર્ચા કરવામાં આવી હતી. જ્યારે તાલુકા વિકાસ અધિકારી તુલસી ભાઈ ઠક્કરએ તાલુકાના સાચા લાભાર્થીઓને લાભ મળે અને કોઈ દિવ્યાંગ લાભાર્થી લાભથી વંચિત ન રહે તે માટે સૌને નિષ્ઠાથી કામગીરી કરવા માટે આહ્વાન કર્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર ભરત ગઢવી, શહેરા બીટ કેળવણી નિરીક્ષક સરદારભાઈ વણઝારા, સમાજ સુરક્ષા કચેરીના તાલુકાના નોડલ રાજેશભાઈ પગી, સી.ડી.પી.ઓ. સુમનબેન પટેલ, એનજીઓના સભ્યો તેમજ ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિના અદયક્ષ અણીયાદ ગ્રામ પંચાયત સરપંચ સરસ્વતીબેન અને કવાલી ના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરા ગુણેલી ગામના ભાગી ગયેલ પ્રેમી યુગલ પૈકી છોકરીને લઈ આવેલ વ્યકિતની કારના કાચ તોડી નુકશાન કરતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના ગુણેલી ગામના ભાગી ગયેલ છોકરો-છોકરી શોધખોળ બાદ મળી આવતા છોકરીને લઈને આવેલ ગામના વ્યક્તિ ની કાર ના કાચ તોડી નાખી કારને નુકસાન પહોચાડી ગડદાપાટુનો મારમાર પહોંચાડનાર છોકરી પક્ષના ચાર વ્યક્તિઓ સામે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગુણેલી ગામના ખાંધવા ફળિયામાં રહેતા છોકરો છોકરી ગત તા.૨૩ એપ્રિલના રોજ ક્યાક ભાગી ગયા હતા શોધખોળ બાદ ૨૭ એપ્રિલના રોજ બંને મળી આવતા બંને પક્ષના માણસોએ ગામના નરવતસિંહ જગાભાઈ પગીને ફોન કરીને જણાવેલ કે છોકરો છોકરી બંને મળી ગયા છે અને તમે લેવા માટે શહેરા આવો તેવુ જણાવતા નરવતસિંહ પગી તેમના ગામ અભેસિંહ રયજીભાઈ બારીઆ, રયજીભાઈ મંગળભાઈ બારીઆ તેમજ ભોપતભાઈ નાથાભાઈ બારીઆને પોતાની બ્રેઝા કાર નંબર જીજે ૧૭ બીએચ ૩૬૯૦ માં લઈ ગયા હતા, અને તેઓ શહેરા પહોંચતા ફરીથી તેઓના ઉપર નિલેશના કાકા સોમાભાઈ લાલાભાઈનો ફોન આવેલ અને કહેલ કે થોડા આગળ પોપટપુરા સુધી આવો તેમ કહેતા નરવતસિંહ તેમજ અન્ય માણસો કાર લઈને શહેરા થી પોપટપુરા ખોડિયાર મંદિર પાસે પહોંચતા ત્યાં છોકરા પક્ષના માણસો બંને છોકરાં છોકરીને ઈકો કારમાં બેસાડીને ઉભા હતા અને છોકરાં પક્ષના માણસોએ કહેલ કે તમે છોકરીને તમારી ગાડીમાં બેસાડીને લઈ જાવ તેવુ કહેતા નરવતસિંહ પગી છોકરી ને પોતાની કાર મા બેસાડી સાથે છોકરીના મામા વિજયભાઈ ને પણ કારમાં સાથે બેસાડી તેમને લઈને ત્યાંથી નીકળ્યા તે સમય દરમિયાન શહેરાની વાઘજીપુર ચોકડી પાસે આવતા છોકરીના મામા વિજયભાઈ એ કહેલ કે ૨ મિનિટ અહીં ગાડી ઉભી રાખો તેવુ કહેતા નરવતસિંહે પોતાની કાર ઉભી રાખી હતી. તે સમયે અંદાજે સાડા આઠેક વાગ્યાના સમય ગાળા મા ધાંધલપુર ગામના છોકરીના મામાના ઘરના માણસો આવેલા અને નરવતસિંહને કહેવા લાગ્યા હતા કે આટલા દિવસથી તમે કેમ શોધતા ન હતા અને આજે કેમ આવ્યા તેમ કહી છોકરીના મામાના ઘરના માણસોએ નરવતસિંહ પગીને ગડદાપાટુનો મારમારી કારના પાછળના ભાગના તેમજ બંને સાઈડના કાચ તોડી નાખી દરવાજાને કારને નુકશાન પહોંચાડયું હતું, અને કારમાં બેઠેલ અભેસિંહ રયજીભાઈ બારીઆ, રયજીભાઈ મંગળભાઈ બારીઆ તેમજ ભોપતભાઈ નાથાભાઈ બારીઆને પણ છોકરીના મામાના ઘરના માણસોએ ગડદાપાટુનો મારમારી કારમાં બેઠેલ છોકરીના મામાના ઘરના લોકો થતાં હોવાથી તેને કારમાંથી ઉતારીને લઈ ગયા હતા. ત્યારબાદ વિજયભાઈ ધૂળાભાઈ બારીઆ, રંગીતભાઈ પારસીંગભાઈ બારીઆ, ધૂળાભાઈ પારસીંગભાઈ બારીઆ અને સુરેશભાઈ સોમાભાઈ બારીઆ આ ચારેય જણા જતા જતા ગાળો બોલી કહેતા હતા કે હમણાં તો તમે બચી ગયા છો ફરી મળ્યા તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ તેઓ આપી જતા રહ્યા હતા.જોકે આ બનાવમાં નરવતસિંહ પગીને ગડદાપાટુનો મારમારેલ હોવાથી શહેરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર કરાવી હતી. સમગ્ર મામલે નરવતસિંહ પગીએ કારને નુકશાન પહોંચાડનાર અને ગડદાપાટુનો માર મારનાર (૧) વિજયભાઈ બારીયા, (૨) રંગીતભાઈ બારીયા (૩) ધૂળાભાઈ બારી (૪) સુરેશભાઈ બારીયા આ ચારેય વ્યક્તિ ઓ સામે શહેરા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા શહેરા પોલીસે ચારે આરોપીયો સામે ગુન્હો નોધી આરોપીયો ને ઝડપી પાડવા ના ચક્રો ગતિમાન કરતા આરોપીયોને ઝડપી પાડી શહેરા પોલીસ મથકે લવાયા હતા ત્યાર બાદ આરોપી ધુળાભાઈ ની તબિયત લથડતા તેમને સારવાર અર્થે શહેરા ના રેફલર હોસ્પિટલમાં લાવાયા હતા જ્યા આરોપી ના સગા સબંધીયો આવી પહોચતા પોલીસ સામે આક્રોશ વ્યક્ત કરી આકક્ષેપો કરાયા શહેરા રેફલહોસ્પિટલ ના તબીબે ધુળાભાઈ ની પ્રાથમિક સારવાર કરી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ મા વધુ સારવાર અર્થે મોકલી આપાયા હતા.

# ૩જી મે અખાત્રીજના યોજાનારા લગ્નસમારંભો પર તંત્રની રહેશે બાજ નજર

## બાળલગ્નમાં સામેલ ગોરમહારાજ, રસોયા, મંડપ ડેકોરેશન, ફોટોગ્રાફર સામે પણ કાર્યવાહી કરાશે

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં હાલ લગ્નસરાની મોસમ ચાલી રહી છે અને તેમાંય ખાસ કરીને અખાત્રીજ (અક્ષયતૃતીયા) તા.૦૩/૦૫/૨૦૨૨ના દિવસને લગ્ન માટે શુભ માનવામાં આવે છે. જેથી પંચમહાલમાં બાળલગ્ન ન થાય તે માટે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવનાર છે. આ પ્રકારના બાળલગ્નોમાં સામેલ થનાર ગોરમહારાજ, રસોયા, મંડપ ડેકોરેશન, ડી.જે., બેન્ડબાજાવાળા, ફોટોગ્રાફર સહીતનાઓની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે, સમુહલગ્નના આયોજકો તથા વર-કન્યાના માતાપિતા સહિત અન્ય લોકો પણ બાળલગ્નની મદદગારીમાં સામેલ હોય તો પણ તેમની સામે ગુનો નોંધાય છે.

આ ઉપરાંત બાળલગ્નોની જાણકારી બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા પોલીસને મળે અને આવા લગ્ન અટકાવવામાં આવે ત્યારે લગ્નનો ખર્ચ માથે પડે છે. જેના પરીણામે લગ્ન કરાવનારની પ્રતિષ્ઠાને પણ અસર થાય છે. તેથી લગ્ન નક્કી થાય તે પહેલાં જ વર-કન્યાની ઉંમરની ચકાસણી કરી લેવામાં આવે તો બાળ લગ્નનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહી. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ ૨૧ વર્ષથી નીચેનો યુવક તથા ૧૮ વર્ષથી નીચેની યુવતીના લગ્ન કરવા, કરાવવા કે આવા લગ્ન કરાવવામાં મદદગારી કરવી તે પણ ગુનો બને છે તથા આ કાયદા હેઠળ બે વર્ષની જેલની સજા તથા એક લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને સાથે શિક્ષાપાત્ર થશે. જો આવા લગ્ન કરાવવામાં આવે તો વર-કન્યાના માતા પિતા, લગ્ન કરાવનાર ગોર મહારાજ, સમુહ લગ્નના આયોજકો, કેટરર્સ, મંડપ સર્વિસવાળા, ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, ડી.જે., બેન્ડબાજાવાળા, સહિતના મદદગારી કરનાર ઈસમો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લામાં કોઈપણ જગ્યાએ બાળલગ્નો જણાઈ આવે તો આ કચેરીમાં તાત્કાલીક જાણ કરવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, ભોંય તળીયે, જીલ્લા સેવા સદન-૨, કલેક્ટર કચેરી કંમ્પાઉન્ડ,ગોધરા જીઃપંચમહાલ ફોન નં.૦૨૬૭૨-૨૪૧૪૮૭, મો. ૯૪૨૮૦૨૯૨૫૦,જિલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નં. ૫૯ અને ૬૦, પ્રથમ માળ, જીલ્લા સેવા સદન-૨, કલેકટર કચેરી કંમ્પાઉન્ડ, ગોધરા જી. પંચમહાલ ફોન નં. ૦૨૬૭૨-૨૪૩૪૮૦, મો. ૯૪૨૭૨૩૧૦૬૭, ચાઈલ્ડ હેલ્પ લાઈન ૧૦૯૮, અભયમ ૧૮૧, પોલીસ કન્ટ્રોલર નંબર ૧૦૦,જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ નંબર ૦૨૬૭૨-૨૪૨૫૦૪ પર સંપર્ક કરવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ગોધરા, જીઃ પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# GFL રણજીત નગર દ્વારા આસપાસના ગામોમાં પશુપાલકોના ઘર આંગણે પશુ નિદાન અને સારવાર કાર્યક્રમનું આયોજન કરાયું



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ગુજરાત ફલોરો કેમિકલ્સ લિમિટેડ રણજીત નગર દ્વારા આસપાસના ગામોમાં પશુપાલકોના ઘરઆંગણે પશુ નિદાન અને સારવાર કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યું.

ગુજરાત ફલોરોકેમિકલ્સ લિમિટેડ રણજીતનગર દ્વારા મૂંગા પશુઓના આરોગ્યને લઈને સતત ચિંતિત રહી છે. જેમાં રણજીતનગર સહિત આસપાસના ગામોમાં પશુપાલકોના ઘર આંગણે પશુ રોગ નિદાન અને સારવાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. પશુપાલકોના પશુઓનું આરોગ્ય સચવાય, પશુઓના પ્રજનન ક્ષમતા માં સુધારો થાય તેમજ તેમના દ્વારા પશુપાલક મહત્તમ દૂધ ઉત્પાદન કરી આર્થિક અને સામાજિક રીતે આગળ વધે તેમજ પશુપાલન વ્યવસાયને નફાકારક પશુપાલન વ્યવસાય તરફ લાવવા ગુજરાત ફલોરોકિકલ્સ લિમિટેડ રણજીતનગર દ્વારા ઘર આંગણે પશુપાલકોના પશુઓને સારવાર મળી રહે તે માટે ડોક્ટર દ્વારા પશુઓ નું નિદાન કરી અને સારવાર આપવામાં આવી.જેમાં ઉથલા મારતા પશુઓની તપાસ તથા સારવાર, જીંગોડા અને ઈતડીની સારવાર, ગરમીમાં ન આવતા પશુઓની સારવાર, પશુઓમાં કૃમિના ઉપદ્રવ ની સારવાર પશુઓનો પૂરતો વિકાસ ના હોય દુધાળા પશુ હોય તેમની સારવાર, બીમાર પશુઓની સારવાર, વાછડા અને પાડી ઓને પાતળા ઝાડા તેમજ પેટની બીમારી ની સારવાર,ચામડી પર રસોળી, ખરજવું જેવા રોગોનું નિદાન અને સારવાર આપવામાં આવી. આમ રણજીત નગર ગામમાં ૬૨પશુઓ, નાથકુવા ગામમાં ૭૫ પશુઓ, કંકોડાકુઈ ગામમાં ૧૩૨પશુઓ જીતપુરા ગામમાં ૭૯ પશુઓને ઉપરોકત મુજબ સારવાર આપવામાં આવી.

# ગોધરા શહેરના સામાજીક કાર્યકર તોફીક મલેક દ્વારા માહે રમઝાન મુબારક માં નિઃશુલ્ક ખિદમતે શહેરીનું ઉત્તમ આયોજન



ગોધરા,

છેલ્લાં પાંચ વર્ષની ઉત્તમ સેવા બાદ એજ ઉત્સાહ,જોશ અને એનાથી વધુ ઉમંગથી સતત છઠ્ઠા વર્ષે પણ તોફીક મલેક દ્વારા માહે રમઝાન મુબારક દરમિયાન શહેરીની સેવાનું ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લાં પાંચ વર્ષની જેમ આ વર્ષે પણ ગોધરા શહેરની તમામ હોસ્પિટલોમાં, હોસ્ટેલ ના સ્ટુડન્ટ તથા સરકારી કર્મચારીઓ જેઓ રોજા રાખતાં હતાં તેમના માટે શહેરીની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી.

શહેરીના પાર્સલ રાત્રીના સમયે એકદમ તાજું જમવાનું બનાવી ડિસ્પોઝેબલ ડીશ માં વ્યવસ્થિત રીતે પેકીંગ કરી આપવામાં આવતાં હતાં અને સાથે ૨૦૦ મિલી દૂધ પણ રોજદારોને આપવામાં આવતું હતું અને આ સેવા તદ્દન નિઃશુલ્ક આપવામાં આવતી હતી અને આ બાબતે આજદિન સુધી કોઈપણ પ્રકારનું ફંડ કે ઉઘરાણું કરવામાં આવ્યું નથી.

આપ સૌ ચાહકોથી પણ વિનંતી છે કે અમારા માટે દુવા કરો કે અમોને આ પ્રકારના બંદગીના કામો આવનાર સમયમાં પણ કરતાં રહેવાની ઈશ્વર અમને શક્તિ આપે.

# બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકોના બાળકોને કન્સ્ટ્રકશનની તાલીમ વિનામૂલ્યે લેવા અનુરોધ

ગોધરા,

પંચમહાલમાં રહેતા બાંધકામ શ્રમિકના બાળકો માટે વિનામૂલ્યે તાલીમ થનાર છે. આ તાલીમ માં જોડાવવા માંગતા ઉમેદવારોની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ હોવી જોઈએ, અભ્યાસ ધોરણ-૬ પાસ થી ધોરણ-૧૨ પાસ હોવા જોઈએ, શારીરિક રીતે તેમની ઉંચાઈ ૧૫૫ સે.મી. અને વજન ૪૫ કિલો હોવું જોઈએ. આ તાલીમમાં પાલક/સ્કેફોલડીંગ-(૧ માસની તાલીમ), શટરીંગ-ફ્રોમ વર્ક-(૨ માસની તાલીમ), સેન્ટીંગ-(૨ માસની તાલીમ), કડીયાકામ/ચણતર-પ્લાસ્ટર-(૨ માસની તાલીમ), આમ આ ચાર પ્રકારના કોર્ષની તાલીમ એલ એન્ડ ટી કન્સ્ટ્રકશન સ્કીલ ઈન્સ્ટીટયુટ ચાચાવાંડી માતા બસ સ્ટોપ પાસે,બાવળા સરખેજ હાઈવે જી.અમદાવાદ ખાતે થનાર છે.

આ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારને પ્રમાણપત્ર આપવામાં આવશે તથા માસિક ૬૫૦ રૂપિયા સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. તેમજ બુલેટ ટ્રેન પ્રોજેકટની મેટ્રો કન્સ્ટ્રક્શન સાઈટ પર બે વર્ષની એપ્રેન્ટીસીપ યોજનામાં જોડાઈ શકશે. અમદાવાદ ખાતે ૧ થી ૨ માસની તાલીમમાં તાલીમાર્થી ને રહેવા અને જમવાની તમામ સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. આ તાલીમમાં જોડાવવા માટે રોજગાર કચેરી ગોધરાના ફેસબુક પેજ MODEL CAREER CENTRE GODHRA અને NATIONAL CAREER CENTRE PANCHMAHAL પર સંપર્ક કરવો તથા રોજગાર કચેરીની હેલ્પલાઈન ૦૨૬૭૨-૨૪૧૪૦૫ તથા રોજગાર સેતુ હેલ્પલાઈન નંબર ૬૩૫૭ ૩૯૦ ૩૯૦ પર સંપર્ક કરવા રોજગાર અધિકારી (જન) રોજગાર કચેરી, ગોધરા-જી.પંચમહાલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.